## Current Affairs February-2017

### 1.February. 2017

**(૧) દુષ્યંત ચૌહાણ :**

- ટેબલ ટેનિસ ફેડરેશન ઓ ઇન્ડિયા (ટીટીએફઆઇ) ના નવા અધ્યક્ષ પદે દૂષ્યંત ચૌટાલાની વરણ કરાઈ
- ચૌટાલા ફેડરેશનના સૌથી યુવા અધ્યક્ષ છે અને તે આગામી ચાર વર્ષ સુધી આ પદ પર રહેશે.

**(૨) અંતરિક્ષયાન કોલંબીયા દુર્ઘટના :**

- ૧ ફેબ્રુઆરી, ૨૦૦૩ના દિવસે ૧૬ દિવસ અંતરિક્ષમાં વિતાવી કોલંબીયા યાન ધરતી પર તીવ્ર વેગે પ્રયાણ કરી રહ્યું હતું.
- આ દરમિયાન યાન દુર્ઘટનાગ્રસ્ત થયુ અને તમામ સાત અવકાશયાત્રીઓના મોત નિપજ્યા હતા.
- આ યાનમાં ભારતીય મૂળની કલ્પના ચાવલા પણ સામેલ હતી.
- હરિયાણાના કરનાલમાં જન્મેલી કલ્પના ચાવલા ભારતમાં અભ્યાસ બાદ અમેરિકી એજન્સી સાથે કામ કરતાં આ તેની બીજી અંતરિક્ષ સફર હતી.

**(૩) પાંડુરંગ શાસ્ત્રીના પત્નિ નિર્મલભાઇ આઠવેલનું અવસાન :**

- સ્વાધ્યાય પરિવારના પ્રણેતા પાંડુરંગ શાસ્ત્રી આઠવલેના ધર્મપત્નિ નિર્મલાઇ આઠવેલનું ૩૦ જાન્યુઆરીના રોજ અવસાન
- તાઇના હુલામણાનામથી જાણીતા નિર્મલાભાઈ થાણેના તત્વજ્ઞાન વિદ્યાપીઠમાં જ રહેતા હતા.

**(૪) જુની એસ.ટી બસો હવે મોબાઇલ ટોઇલેટમાં ફેરવાશે.**

- ગુજરાત રાજ્ય એસ.ટી. નિગમ દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ બનાવવા તથા સ્વચ્છતા અભિયાન માટે નવો પ્રયોગ હાથ ધરશે.
- જેમા એસ.ટી.ની ૮ લાખ કિ.મી. ફરી ચૂકેલી ભંગાર બસ હવે મોબાઇલ ટોઇલેટમાં ફેરવાશે.
- પુરૂષો માટે ૩ અને મહિલાઓ માટે બે ટોઇલેટની વ્યવસ્થા કરાઇ છે.
- હાલમાં પાયલોટ પ્રોજેક્ટના ભાગરૂપે એક મોબાઇલ ટોઇલેટ વાન બનાવવામાં આવી છે જે ગાંધીનગર ખાતે મુકાયેલ છે.
- બસના ઉપરના ભાગે ૫૦૦ લીટર પાણીની ક્ષમતાવાળી ટાંકી તથા નીચેના ભાગે પણ ટોઇલેટના વેસ્ટ કચરા માટે એક ટાંકીની વ્યવસ્થા કરાઈ છે.

**(૫) દેશમાં પ્રથમ વખત મહિલા કોસ્ટગાર્ડની રચના :**

- ગુજરાત સહીતની પાકિસ્તાની સરહદના ચોકી પહેરા માટે ચાર મહિલા કોસ્ટગાર્ડ
- ભારતીય કોસ્ટગાર્ડ દેશનું પહેલું એવું દળ બન્યું છે જેણે પાકિસ્તાન સાથેની દરિયાઇ સરહદે પેટ્રોલિંગ માટેના જહાજમાં મહિલા અધિકારીઓને યુદ્ધ ભૂમિકા સોંપવામાં આવી છે.
- તેમનું પોસ્ટીંગ ગુજરાતના જખૌ અને પશ્ચિમ બંગાળના હલ્દીયા સહિત પાકિસ્તાન અને બાંગ્લાદેશની દરિયાઇ સરહદે આવેલા સમુદ્ર કિનારાના વિસ્તારોમાં કરાયું છે.
- આ મહિલા અધિારીઓને હોવરક્રાફ્ટ નામે પ્રખ્યાત એર ક્યુશન વેહીકલ્સમાં નિયુક્ત કરાયા છે.
- મહિલા અધિકારીઓના નામ : અનુરાધા શુક્લા, સ્નેહા કાથ્યાત, શિરિન ચંદન, વસંધરા ચૌકસે.

પ્રશ્ન :

૧ તાજેતરમાં ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઇન્ડિયાના નવા અધ્યક્ષપદે કોની નિમણૂંક થઇ ?

- દુષ્યંત ચૌટાલા

૨ કલ્પના ચાવલાનો જન્મ કયાં થયો હતો ?

- હરિયાણા

૩ કયાં અવકાશયાન દુર્ઘટનાગ્રસ્ત થતાં કલ્પના ચાવલા સહીતના અવકાશયાત્રીઓનું મોત નિપજ્યુ હતું ?

- કોલંબીયા

૪ તાજેતરમાં પાંડુરંગશાસ્ત્રીના પત્નિનું અવસાન થયુ તેમનું નામ જણાવો.

- નિર્મલાભાઇ આઠવલે

૫ એસ.ટી. જુની બસોને મોબાઇલ ટોઇલેટમાં ફેરવવામાં આવશે તે માટેના પાયલોટ પ્રોજેક્ટની શરૂઆત ક્યાંથી થઇ ?

- ગાંધીનગર.

૬ દેશમાં પ્રથમ વખત મહિલા કોસ્ટગાર્ડની રચના થઇ તેમા કેટલી મહિલા અધિકારીઓ છે ?

- ચાર

### 2.February. 2017

**(૧) કેન્દ્રિય બજેટ – ૨૦૧૭–૧૮**

- ૧ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ કેન્દ્રીય બજેટ ૨૦૧૭–૧૮ રજૂ થયું.
- નાણાંમંત્રી – અરૂણ જેટલી
- બજેટની કુલ રકમ રૂા. ૨૧,૪૬,૭૩૫ કરોડ

રેલવે : ૧૯૨૪ બાદ પ્રથમ વખત રેલવે બજેટ અલગથી રજૂ ન થતા યુનિયન બજેટમાં તેને મર્જ કરવામાં આવ્યું.

- આ વર્ષ ૩૫૦૦ કિ.મી. નવી રેલવે લાઇન બનાવવામાં આવશે.
- ૩૦૦ સ્ટેશન પર દિવ્યાંગો માટે લિફ્ટ અને એસ્કેલેટર્સની સુવિધા ઉપલબ્ધ કરાશે.
- ૭૦૦૦ સ્ટેશનો પર સોલાર લાઇનો
- ITCTC થી ઇ–ટિકિટ પર સર્વિસ ચાર્જ નહીં લાગે.
- આ વર્ષે કોઇ નવી ટ્રેનનો ઉલ્લેખ કરાયો નથી
- ટુરીઝમ અને ધાર્મિક યાત્રાઓ માટે અલગથી ટ્રેન ચલવવામાં આવશે.
- આ વર્ષ ૧૩૧૦૦ કરોડ રૂપિયા રેલવે માટે ફાળવાયા જે ગત રેલવેના બજેટ કરતા ૨૪ ટકા વધારે છે.
- રાજકીય પક્ષો માટેની જાહેરાત :
- કાળાધનને ડામવા માટે રાજકીય પક્ષો એક વ્યક્તિ પાસેથી બે હજારથી વધુની રોકડ દાન નહીં લઇ શકે.
- વધુ રકમના ફાળા માટે પક્ષોઓ ચેક કે ડિજિટલ પેમેન્ટથી આરબીઆઇમાંથી બોન્ડ ખરીદવા પડશે.

ડિજિટલ પેમેન્ટ :

- ૩ લાખથી વધારાનું કોઇપણ ટ્રાન્ઝેક્શન રોકડમાં થઇ શકશે નહીં
- સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭–૧૮માં વિવિધ માધ્યમો દ્વારા ૨.૫ હજાર કરોડ રૂપિયા ડિજિટલ લેણદેણના લક્ષ્યાંક નિર્ધારીત કરવામાં આવ્યો છે.

- વેપારીઓ માટે આધાર પે નામની યોજના લોન્ચ થશે જેમાં આધાર કાર્ડ થકી કોઇપણ પ્રકારનું પેમેન્ટ કરી શકાશે.

ગરીબ વર્ગને ઘરનું ઘર :

- ૨૦૧૯ સુધીમાં બેઘર કે કાચાં મકાનોમાં રહેનારા માટે ૧ કરોડ ઘર બનાવાશે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) મિશનમાં સીએસએલએલ અંતર્ગત કરજની મેચ્યોરિટી ૧૫ વર્ષથી વધારીને ૨૦ વર્ષ કરવામાં આવી.

ટેક્સ :

- ત્રણ લાખ સુધીની આવક પર નો ટેક્સ
- રૂા ત્રણ લાખથી ૫ લાખ સુધી ૫ ટકા ટેક
- રૂા ૫ લાખથી ૧૦ લાખ સુધીની આવક પર ૨૦ ટકા ટેક્સ (૧૨, ૫૦૦ રીબેટ)
- રૂા. ૧૦ લાખથી વધુની આવક પર ૩૦ ટકા ટેક્સ (૧૨,૫૦૦ રીબેટ)
- રૂા. ૫૦ લાખથી રૂા. ૧ કરોડ સુધીની આવક પર ૩૦ ટકા ટેક્સ તથા ૧૦ ટકા સરચાર્જ લેવામાં આવશે.
- રૂા. ૧ કરોડથી વધુની આવક માટે ૩૦ ટકા ટેક્સ તથા ૧૫ ટકા સરચાર્જ લેવામાં આવશે.
- આઇટી દરોડામાં ૬ વર્ષના બદલે ૧૦ વર્ષના હિસાબો ચેક કરાશે.
- મોટુ આઇટી રીટર્ન ફાઇલ કરનારા પાસેથી ૧૦,૦૦૦ સુધી દંડ વસુલાશે.
- પ્રથમ વાર રિટર્ન ભરે તેની સામે કોઇ તપાસ થશે નહીં

ગ્રામિણ વિકાસ :

- ૧ એપ્રિલ ૨૦૧૮ સુધીમાં ૧૦૦ ટકા ગ્રામ્ય વિસ્તારમાં વીજળી
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના માટે દરરોજ ૧૩૩ કી.મી. સડક બનાવાશે.
- સ્ટાર્ટઅપ સેક્ટર માટે ટેક્સમાં માફી ૩ વર્ષ માટે હતી જે વધારીને ૭ વર્ષની કરાઇ
- મનરેગા માટે ૪૮,૦૦૦ કરોડનું બજેટ
- ૨૦૧૭-૧૮માં ૫ લાખ તળાવો બનશે.
- મનરેગામાં મહિલાઓની ૫૫ ટકા ભાગીદારી
- દોઢ લાખ ગ્રામ પંચાયતમાં બ્રોડબેન્ડની મહત્તમ સ્પીડ માટે દેશભરમાં ઓપ્ટિકલ ફાઇબલ કેબલ (ઓએફસી) પાથરવામાં આવશે.

કૃષિ જગત અને ખેડૂત :

- આગામી ૫ વર્ષમા ખેડૂતોની આવક બમણી કરવાનો લક્ષ્યાંક
- કૃષિક્ષેત્રે ખેડૂતોને રૂ.૧૦ લાખ કરોડનું ધિરાણ અપાશે.
- ૬૦ દિવસનું વ્યાજ માફ
- ઓઇલ હેલ્થ કાર્ડ માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં મિનિ લેબ્સ બનાવાશે.
- પાક નિષ્ફળ જવાના કિસ્સામાં પ્રધાનમંત્રી પાક વિમા યોજના માટે ૯૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ
- પ્રધાનમંત્રી ફસલ વિમા યોજનામાં ૨૦૧૬-૧૭ના વર્ષમાં કુલ વાવણીના ૩૦ ટકા, ૨૦૧૭-૧૮માં ૪૦ ટકા તથા ૨૦૧૮-૧૯માં ૫૦ ટકા કરાશે.
- નાબાર્ડ માટે ૨૦ હજાર કરોડની જોગવાઈ
- ચાલુ નાણાંકીય વર્ષમાં ચોમાસું સારૂ રહ્યું હોવાને કારણે કૃષિ ક્ષેત્રનો વિકાસદર ૪.૧ ટકાનો લક્ષ્યાંક રખાયો છે.

હેલ્થ :

- ગુજરાત અને ઝારખંડમાં ૨ નવા એઇડ્સની રચના કરાશે.
- ડોક્ટરોની અછત નિવારવા પોસ્ટ ગ્રેજ્યુએશન માટે ૫૦૦૦ સીટી વધારાશે.
- સિનિયર સીટીઝનને આધારબેઝ સ્માર્ટકાર્ડ અપાશે જેમાં હેલ્થનો રેકોર્ડ રખાશે.
- મહિલા અને બાળકલ્યાણ માટે રૂા. ૧,૮૪,૦૦૦ કરોડની ફાળવણી
- પ્રથમ પ્રસુતી વખતે મહિલાઓને રૂા. ૬૦૦૦ની સહાય
- ૨૦૧૭ સુધીમાં કાલા અજાર, ૨૦૧૮ સુધીમાં શીતળા, ૨૦૨૦ સુધીમાં મિઝલ્સ અને ૨૦૨૨ સુધીમાં ટીબી જેવા રોગોથી દેશને મુક્ત કરવામાં આવશે.

સંરક્ષણ :

- ડિફેન્સ બજેટમાં ૬.૨ ટકાનો વધારો.
- વર્ષ ૨૦૧૭-૧૮ માટે પેન્શન ઉપરાંત ૨૭૪૧૪ કરોડ રૂપિયાનું બજેટ ફાળવાયું
- પૂર્વ સૈનિકો માટે વેબઆધારીત પેન્શન વિતરણ સિસ્ટમ
- સૈનિકોની મુસાફરી માટે ડિફેન્સ ટ્રાવેલ સિસ્ટમ

શિક્ષણ અને યુવાનો :

- સરકાર દ્વારા SWAYAM પ્લેટફોર્મ રચાશે જેમાં ૩૫૦ કોર્સ રખાશે. જેને ઓનલાઇન એક્સેસ કરી શકાશે.
- શિક્ષણ માટે ૭૯૬૮૬ કરોડ રૂા. ફાળવાયા
- યુવાનોને રોજગારી મળી રહે તેવી તાલીમ પુરી પાડવા સંકલ્પ યોજનાની જાહેરાત કરી.
- ૪૦૦૦ કરોડના ખર્ચે હાથ ધરનારી સંકલ્પ યોજના અંતર્ગત દેશભરના ૩.૫ કરોડ યુવાનોને તાલીમ પુરી પાડવામાં આવશે.
- સંકલ્પ : સ્કિલ એક્ઝિબિશન એન્ડ નોલેજ અવેરનેસ ફોર લાઇવીહુડ પ્રમોશન
- સ્કિલ ઇન્ડિયા માટે ૧૦૦૦ કૌશલ કેન્દ્ર ખોલાશે.
- સ્પોટ્ર્સ બજેટમાં ૩૫૦ કરોડનો વધારો કરાયો.
- દેશભરમાં ૧૦૦ જેટલા ઇન્ડિયા ઇન્ટરનેશનલ સ્કીલ સેન્ટર ઉભા થશે. જે વિદેશમાં રોજગારીની તક શોધાતા યુવાનો માટે ખુબ જ ઉપયોગી થશે.

(૨) એન્ડ્રુ રસેલ : વેસ્ટઇન્ડિઝ ક્રિકેટર

- ડોપિંગના નિયમના ભંગ બદલ વેસ્ટ ઇન્ડિઝના ઓલારાઉન્ડર ક્રિકેટર એન્ડ્રુ રેલ પર ૧ વર્ષનો પ્રતિબંધ
- રસેલ ૩૦ જાન્યુઆરી, ૨૦૧૮ સુધી કોઇપણ સ્તરે ક્રિકેટ નહીં રમી શકે.
- ડોપિંગ નિયમ અનુસાર કોઇ ખેલાડી ૧૨ મહિનામાં ત્રણ વખત પોતાના વ્હેરઅબાઉટ્સ પોતાના ત્રણ મહિનાના કાર્યક્રમની વિગતો લેવામાં આવે છે અને સજા કરવામાં આવે છે.

## 3.February. 2017

**(૧) લક્ષ્ય સેન : જૂનિયર બેડમિન્ટન ખેલાડી :**

- ઉત્તરાખંડના ૧૫ વર્ષિય લક્ષ્ય સેન જૂનિયર બેડમિન્ટનના પુરૂષ સિંગલ્સના વર્ગમાં નંબર વનનું સ્થાન મેળવ્યું.
- લક્ષ્ય સેન આદિત્ય જોશી અને સિરિલ વર્મા બાદ જૂનિયર રેન્કિંગમાં ટોચના સ્થાને પહોંચનાર ત્રીજો ભારતીય છે.
- ઉત્તરાખંડના અલમોરા જિલ્લામાં સપ્ટેમ્બર, ૨૦૦૧માં લક્ષ્યનો જન્મ થયો હતો.

- બેંગ્લોરમાં આવેલ પ્રકાશ પાદુકોણ એકેડમીમાં ટ્રેનિંગ લઇ લક્ષ્ય એ આ સિદ્ધિ હાંસલ કરી.
- બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન દ્વારા આ રેન્કિંગ જાહેર કરાઇ હતી.

**(૨) કુવૈતમાં પણ પાંચ મુસ્લીમ દેશોના નાગરિકોને પ્રવેશબંધી**

- ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સાત ઇસ્લામિક દેશોને વિઝા આપવા સામે પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ કુવૈતમાં પણ પાંચ મુસ્લીમ દેશોના નાગરિકોને પ્રવેશબંધી કરાઈ.
- કુવૈત દ્વારા પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઇરાન, ઇરાક અને સીરિયાના લોકોને વિઝા આપવા સામે પ્રતિબંધ મુકવામાં આવ્યો.
- સીરિયાના નાગરિકો માટે તા વર્ષ ૨૦૧૧ થી જ પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.
- સીરિયાના નાગરિકો માટે તો વર્ષ ૨૦૧૧ થી જ પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.
- કુવૈત સરકાર દ્વારા આ નિર્ણય આતંકવાદના ભયના લીધે લેવામાં આવ્યો છે.

(૩) સોમનાથ યુનિવર્સિટી :

- તાજેતરમાં સોમનાથ યુનિવર્સિટીનો નવમો પદવી
- આ કાર્યક્રમમાં રાજ્યપાલ ઓ.પી. કોહલી અધ્યક્ષસ્થાને હાજર રહ્યા હતા ?
- સમારોહમાં ૧૩૮૭ વિદ્યાર્થીઓને પદવી તથા ૨ વિદ્વાનોને ડીલીટની પદવી એનાયત કરાઇ હતી.
- વર્ષ ૨૦૦૮માં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના થઇ હતી.
- હાલમાં ડૉ. અર્કનાથ ચૌધરી યુનિ. ના વાઇસ ચાન્સેલર છે.

**(૪) બ્લાઇન્ડ ક્રિકેટ વર્લ્ડકપ :**

- હાલમાં ભારતમાં પ્રજ્ઞાચક્ષુઓનો ટ્વેન્ટી–૨૦ વર્લ્ડકપ ચાલી રહ્યો છે.
- ભારત, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડ, સાઉથ આફ્રિકા, ન્યુઝિલેન્ડ, શ્રીલંકા તેમજ નેપાળ એમ નવ ટીમો આ વર્લ્ડકપમાં ભાગ લઇ રહી છે.
- બ્લાઇન્ડ ક્રિકેટમાં ભારત ટી–૨૦ અને ૫૦ ઓવરોમાં વર્લ્ડકપનું ડિફેન્ડીંગ ચેમ્પિયન છે. ફાઇનલમાં ૨૦૧૨માં ભારતે પાકિસ્તાનને હરાવ્યું હતું.
- આ ટી–૨૦ વર્લ્ડકપની બે મેચ ગુજરાતના અમદાવાદમાં રમાશે તથા ફાઇનલ મેચ ૧૨ ફેબ્રુઆરીના રોજ બેંગ્લોરમાં યોજાશે.
- ભારત બ્લાઇન્ડ ક્રિકેટ ટીમ કેપ્ટન : અજયકુમાર રેડ્ડી
- ભારતના પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટની સંસ્થા : ક્રિકેટ એસોસીએશન ફોર બ્લાઇન્ડ (સએલઆઇ)

**(૫) પોરબંદરમાં સાંદીપનિ ગૌરવ એવોર્ડ એનાયત થયા :**

- પોરબંદરનના સાંદીપનિ નિકેતનમાં દર વર્ષે સાંદીપનિ ગૌરવ એવોર્ડ એનાયત થાય છે.
- આ વર્ષ રામો એવોર્ડ સમારોહ યોજાયો હતો જે અલગ – અલગ કેટેગરીમાં મહાનુભાવોને અનાયત કરાયા હતા
- ક્રાંતિકારી સમાજ સેવિકાને અપાતો મહર્ષિ એવોર્ડ ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠના સંસ્થાપક શ્રીમતિ પૂર્ણિમાબેન પકવાસાને મહણોત્તર અર્પણ થયો હતો.
- વિરક્ત સન્યાસીને અપાતો દેવર્ષિ એવોર્ડ સાયલાનાં મહંત દુર્ગાદાસજી મહારાજને આપવામાં આવ્યો હતો.
- સંસ્કૃતના વિદ્વાનને અપાતો બ્રહ્મર્ષિ એવોર્ડ અમરેલીના વસંતભાઈ પરીખને એનાયત થયો હતો.
- ઉદ્યોગપતિને અપાતો રાજર્ષિ એવોર્ડ નવીનભાઇ દવેને એનાયત થયો હતો.
- સાંદીપનિ વિશ્વનિકેતનના સંત : ભાઇશ્રી રમેશભાઈ ઓઝા

**(૬) ડોરીસ વાવાઝોડું :**

- બ્રિટનના દરિયાકાંઠે ડોરીસ વાવાઝોડું ત્રાટક્યું
- દરિયાકાંઠે ૧૨૯ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂકાંતા સમગ્ર વિસ્તારમાં તારાજી સર્જાઇ હતી.

પ્રશ્નો :

(૧) લક્ષ્ય સેન કઈ રમત સાથે સંકળાયેલ છે ?
- બેડમિન્ટન

(૨) બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન દ્વારા જાહેર કરાયેલ જુનિયર બેડમિન્ટન રેન્કિંગમાં પ્રથમ ક્રમે કોણ છે ?
- લક્ષ્ય સેન

(૩) લક્ષ્ય સેન અગાઉ ક્યાં ભારતીયો આ સ્થાન મેળવી ચુક્યા છે.
- આદિત્ય જોષી, સિરિલ વર્મા

(૪) અમેરિકાના પગલે તાજેતરમાં ક્યાં દેશે મુસ્લીમ દેશના નાગરિકો માટે પ્રવેશબંધી કરી ?
- કુવૈત

(૫) કુવૈત ક્યાં પાંચ દેશોના નાગરિકો માટે વિઝા આપવા પર પ્રતિબંધ કર્યા ?
- પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઇરાન, ઇરાક સીરિયા

(૬) તાજેતરમાં સોમનાથ યુનિવર્સિટીનો કેટલામો પદવીદાન સમારોહ યોજાયો હતો ?
- નવમો

(૭) હાલમાં બ્લાઇન્ડ ટી–૨૦ વર્લ્ડકપ ક્યાં ચાલી રહ્યો છે ?
- ભારત

(૮) બ્લાઇન્ડ ટી–૨૦ વર્લ્ડકપમાં કેટલી ટીમોએ ભાગ લીધો ?
- નવ

(૯) બ્લાઇન્ડ ટી–૨૦ વર્લ્ડકપની ફાઇનલમેચ ક્યાં રમાશે ?
- બેંગ્લોર

(૧૦) ભારતના બ્લાઇન્ડ ક્રિકેટ ટીમના કેપ્ટન ?
- અજયકુમાર રેડ્ડી

(૧૧) ભારતમાં પ્રજ્ઞાચક્ષુ માટે ક્રિકેટની સંસ્થા જણાવો ?
- ક્રિકેટ એસોસીએશન ફોર બ્લાઇન્ડ

(૧૨) પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટને પ્રોત્સાહન આપવા કોને એમ્બેસેડર બનાવાયા છે ?
- રાહુલ દ્રવિડ

(૧૩) તાજેતરમાં બ્રિટનમાં કયું વાવાઝોડું આવ્યું ?
- ડોરીસ વાવઝોડું

પોરબંદરમાં યોજાયેલ સાંદીપનિ ગૌરવ એવોર્ડમાં નીચેના પ્રશ્નના જવાબ આપો.

(૧૪) બ્રહ્મર્ષિ એવોર્ડ વિજેતા – વસંતભાઈ પરીખ

(૧૫) રાજર્ષિ એવોર્ડ વિજેતા – નવીનભાઈ દવે

(૧૬) દેવર્ષિ એવોર્ડ વિજેતા – મહંત દુર્ગાદાસજી મહારાજ

(૧૭) મહર્ષિ એવોર્ડ વિજેતા – પૂર્ણિમાબેન પકવાસા (મરણોતર)

(૧૮) પૂર્ણિમાબેન પકવાસાએ ૮૦ વિદ્યાપીઠની સ્થાપનાકરી હતી ?
- ઋતુંભરા વિશ્વ વિદ્યાપીઠ

4.February. 2017

**૧) વર્લ્ડ કેન્સર ડે :**
- દર વર્ષે ૪ ફેબ્રુઆરીના રોજ વિશ્વ કેન્સર દિવસ ઉજવવામાં આવે છે.
- ૨૦૧૮ સુધીમાં કેન્સરના પ્રમાણને કેવી રીતે ઘટાડી શકાય તે માટે ખાસ થીમ રાખવામાં અવી છે ?
  'આઇ કેન– વી કેન'

**(૨) વી.એસ.ગઢવી**
- ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના ચીન માહિતી કમિશનર તરીકે વી.એસ. ગઢવીની નિમણૂંક કરી
- નિવૃત્ત આઇએએસ અધિકારી વી.એસ. ગઢવી હાલમાં માહિતી કમિશનર તરીકે ફરજ બજાવી રહ્યાં હતાં.
- ડિસેમ્બર – ૨૦૧૬માં બલવંતસિંહ નિવૃત્ત થયા હતા ત્યારથી આ જગ્યા ખાલી પડી હતી.
- ગુજરાત માહિતી કમિશનમાં આ નવી નિમણૂંક સાથે હવે ત્રણ માહિતી કમિશનર રહેશે

**(૩) નેશનલ ટેબલ ટેનિસમાં ગુજરાતને બ્રોન્જ મેડલ :**
- તાજેતરમાં ૭૮મી સિનિયર નેશનલ અને ઇન્ટર સ્ટેટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપમાં ગુજરાતની મેન્સ ટીમે બ્રોન્જ મેડલ જીત્યો હતો .
- આ ચેમ્પિયનશીપ હરિયાણાના માનેસરમાં યોજાઇ હતી.
- ગુજરાતની ટમીના કોચ તરીકે પથિક મહેતા અને મિહિર ગાંધી હતા
- ગુજરાતના જાણીતા ખેલાડીઓ : દેવેશ કારીયા, જીગ્નેશ જયસ્વાલ, હર્ષ સચનંદાની

(૪) જોગીન્દરસિંહ
- સીબીઆઇના પૂર્વ વડા જોગિન્દરસિંહનં અવસાન
- તેઓ ૧૯૯૭માં સીબીઆઇના વડા બન્યા હતા.
- તેમનો કાર્યકાળ ૧૧ મહિલા જ રહ્યો હતો.

પ્રશ્ન :

(૧) ૪ ફેબ્રુઆરીના રોજ કયો વૈશ્વિક દિવસ ઉજવાય છે ?
- વર્લ્ડ કેન્સર ડે

(૨) કેન્સરના પ્રમાણને ઘટાડવા ૨૦૧૮ સુધી કઇ થીમ રાખવામાં આવી છે ?
- આઇ કેન વી કેન

(૩) તાજેતરમાં કયા નિવૃત્ત આઇએએસ અધિકારીની ચીફ માહિતી કમિશનર પદે નિમણૂંક કરાઇ ?
- વી.એસ. ગઢવી

(૪) તાજેતરમાં યોજાયેલ નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપમાં ગુજરાત મેન્સ ટીમે કયો મેડલ જીત્યો ?
- બ્રોન્ઝ મેડલ

(૫) ૭૮ મી નેશનલ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપ કયાં યોજાઇ હતી ?
- માનેસર, હરિયાણા

(૬) ફેબ્રુઆરી, ૨૦૧૭ માં કયા સીબીઆઇના પૂર્વ વડાનું નિધન થયું ?
- જોગિન્દર સિંહ

5.February. 2017

**૧) વિઝડનના કવર પેજ વિરાટ કોહલી :**
- ભારતીય સુકાની વિરાટ કોહલીને જગવિખ્યાત વિઝડન ક્રિકેટર્સ અલમાનેકના કવર પેજ પર સ્થાન મળ્યું છે
- કોહલીએ ૨૦૧૬માં ક્રિકેટની ત્રણેય ફોર્મેટમાં કુલ ૨૫૯૫ રન બનાવ્યા હતા.
- ૨૫૯૫ રન બનાવી તે ત્રણેય ફોર્મેટમાં વિશ્વમાં સૌથી વધારે રન બનાવનાર ક્રિકેટર બન્યો હતો.
- કોહલી હવે સચિન તેડુંલકર બાદ વિઝડનના કવર પેજ પર સ્થાન મેળવનાર ભારતનો બીજો ક્રિકેટર બન્યો છે.
- સચીન તેંડુલકરે વર્ષ ૨૦૧૩માં નિવૃત્તી લીધી ત્યારે વર્ષ ૨૦૧૪માં તેમને સ્થાન અપાયું હતું ?
- આ વર્ષ એપ્રિલ મહિનામાં પ્રસિદ્ધ થનાર મેગેઝીનમાં રિવર્સ સ્વિપ રમતા કોહલીની તસવીર કવર પેજ પર હશે.

(૨) 'દિશા' એપ :
- રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ 'દિશા' એપ લોન્ચ કરી
- આ એપની મદદથી ભારતીય રેલવેની તમામ માહિતી મળશે.
- ટ્રેનનો સમય બે સ્ટેશન વચ્ચે ચાલતી ટ્રેન વગેરે માહિતી આ એપ દ્વારા મળી શકશે.

**(૩) પંજાબ અને ગોવામાં મતદાન :**
- ૪ ફેબ્રુઆરીના રોજ પંજાબ અને ગોવામાં વિધાનસભા બેઠકો માટે ચૂંટણી યોજાઇ હતી
- જેમાં પંજાબમાં ૧૧૭ અને ગોવામાં ૪૦ બેઠકો પર એક જ તબક્કામાં મતદાન પૂર્ણ થયું.
- ગોવામાં વિક્રમજનક ૮૩ ટકા અને પંજાબમાં ૭૫ ટકા મતદાન થયું.
- ૧૧ માર્ચ ૨૦૧૭ ના રોજ પરિણામ જાહેર થશે.

પ્રશ્નો :

૧) વિઝડન મેગેઝીનના આ કવર પેજ પર આ વર્ષે કયાં ક્રિકેટરને સ્થાન મળ્યું ?
- વિરાટ કોહલી

(૨) વિરાટ કોહલીએ વર્ષ ૨૦૧૬માં ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં કુલ કેટલા રન કર્યા ?
- ૨૫૯૫

(૩) કોહલી અગાઉ કયા ભારતીય ક્રિકેટરને આ સન્માન મળી ચૂક્યું છે ?
- સચીન તેડુંલકર

(૪) વિઝડનના સંપાદક જણાવો.
- લોરેન્સ બુથ

(૫) તાજેતરમાં રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ કઇ એપ લોન્ચ કરી ?
- દિશા એપ

(૬) તાજેતરમાં પંજાબમાં કેટલી બેઠકો માટે વિધાનસભાની ચૂંટણી યોજાઈ
- ૧૧૭

(૭) તાજેતરમાં યોજાયેલ ગોવા વિધાનસભા ચૂંટણીમાં વિધાનસભાની બેઠકો જણાવો.
- ૪૦

(૮) વિધાનસભા ચૂંટણીમાં પંજાબમા કેટલા ટકા મતદાન થયું ?
- ૭૫ ટકા

6.February. 2017

**૧) શશીકલા – તમિલનાડુના નવા સી.એમ. બનશે ?**
- તમિલનાડુના હાલના સી.એમ. પન્નીર સેલ્વમે રાજીનામું આપ્યું.

Vivekanand Academy Gandhinagar

- મે ૨૦૧૬ બાદ તમિલનાડુમાં હવે ત્રીજા સી.એમ. શપથ લેશે.
- ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ પાર્ટીના મહા સચિવ શશીકલા હવે નવા સી.એમ. બનશે.
- 'અમ્મા' 'ચીનમ્મા' નામથી જાણીતા છે ?
- 'ચિનમ્માનો અર્થ નાની અમ્મા એવો થાય છે

**(૨) એશિયન જુનિયર સ્કવોશમાં ભારતે ગોલ્ડ મેડલ જીત્યો :**
- હોંગકોંગમાં યોજાયેલ એશિયન જૂનિયર સ્કવોશમાં ભારતે મલેશિયાને ૨–૦ થી પરાજય આપી ગોલ્ડમેડલ જીત્યો હતો.
- ભારતના સ્ટાર ખેલાડી : વેલ સેંથિલ કુમાર
- સ્કવોશ રેકેટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SRFI)ના ગાડીયન : એન રાયચંદ્રન

**(૩) બાનો કુદસિયા :**
- પાકિસ્તાની સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને નાટ્યકાર બાનો કુદસિયાનું ૮૩ વર્ષની વયે નિધન.

**(૪) ફુલ મેરેથોન ઇવેન્ટ : રાજકોટ :**
- ગુજરાતના રાજકોટમાં ૪૨ કિ.મી.ની ફુલ મેરેથોન ઇવેન્ટનું આયોજન થયું.
- ગયા વર્ષે રાજકોટમાં હાફ મેરેથોનનનું આયોજન થયું હતું જેની ભવ્ય સફળતા બાદ આ વર્ષે ફુલ મેરેથોન યોજાઇ.
- મેરેથોનમાં ૬૩૫૯૪ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ભાગ લેનાર સ્પર્ધકોની દ્રષ્ટિએ હોંગકોંગ બાદ રાજકોટની આ મેરેથોન બીજા ક્રમે છે.
- અત્યાર સુધી ભારતમાં સૌથી મોટી મેરેથોન તરીકે મુંબઇની સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ મેરેથોનનું નામ આવતું હતું. પરંતુ રાજકોટ મેરેથોન હવે ભારતની પ્રથમ અને એશિયાની દ્વિતિય ક્રમની સૌથી મોટી મેરેથોન બની ગઇ છે.
- પર્યાવરણની જાળવણી અને સુરક્ષા અર્થે 'ગોઇંગ ગ્રીન' થીમ હેઠળ મેરેથોનનું આયોજન થયું હતું.
- કેન્યા ઇથોપીયાના રનર્સ અપ પણ જોડાયા હતા.
- ફુલ મેરેથોનમાં ભારતના ઓઇનમ સંતો સિંહાને બેસ્ટ ઇન્ડિયન રનર તરીકે ૨.૫ લાખનું ઇનામ મળ્યું હતું.
- તથા હાફ મેરેથોનમાં હિંદુસ્તાની યુવતી મંજુ યાદવે પ્રકથમ ક્રમ મેળવી ૧ લાખ રૂા નું ઇનામ જીત્યું હતું.
- તથા અન્ય ઇવેન્ટમાં આફ્રિકનોએ ઇનામ જીત્યા હતા.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં તમિલનાડુના મુખ્યમંત્રી પદે કોણે રાજીનામું આપ્યું ?
- પન્નિરસેલ્વમ

(૨) તમિલનાડુના નવા સી.એમ. કોણ બનશે ?
- શશિકલા

(૩) શશિકલા કયા પક્ષના નેતા છે ?
- ઓલ ઇન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ.

(૪) તાજેતરમાં એશિયન જૂનિયર સ્કવોશમાં ભારતે કયો મેડલ જીત્યો ?
- ગોલ્ડ મેડલ

(૫) વેવેલ સંથિલકુમાર કઈ રમત સાથે સંકળાયેલ છે ?
- સ્કવોશ

(૬) બાનો કુદસિયા કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ?
- સાહિત્યકાર, નાટ્યકાળ

(૭) તાજેતરમાં ભારતની નંબરવન અને એશિયાની બીજા નંબરની સૌથી મોટી મેરેથોન કયા યોજાઈ હતી ?
- રાજકોટ

(૮) રન ફોર રાજકોટમાં પર્યાવરણની જાળવણી માટે કઇ થીમ રાખવામાં આવી હતી ?
- ગોઇંગ ગ્રીન

(૯) ફુલ મેરેથોનમાં કેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો ?
- ૬૩૫૯૪

(૧૦) ફુલ મેરેથોન કેટલા કિ.મી. માટે હતી ?
- ૪૨ કિ.મી.

## 7.February. 2017

**૧) એલિસ્ટર કુક – ઇંગ્લેન્ડ ક્રિકેટર :**
- ઇંગ્લેન્ડની ટેસ્ટ ટીમના કેપ્ટન એલિસ્ટર કૂકે કેપ્ટન પદે રાજીનામું આપ્યું
- કૂકે વર્ષ ૨૦૧૨માં ઇંગ્લેન્ડની ટેસ્ટ ટીમની કમાન સંભાળી હતી.
- કુકે ૫૯ ટેસ્ટ મેચમાં કેપ્ટનશીપ કરી હતી જે પૈકી ૨૪ મા જીત, ૧૩ મા હાર અને ૨૨ મેચ ડ્રો થઇ હતી.

**(૨) કર્નલ નિઝામુદ્દીન :**
- આઝાદ હિંદ ફોજના સ્થાપક નેતાજી સુભાષચંદ્ર બોઝના ડ્રાઇવર કર્નલ નિઝામુદ્દીનનું ૧૧૬ વર્ષની વયે અવસાન.
- તેમનું અસલ નામ સૈહુદ્દીન હતું.
- તેમનું અસલ નામ સૈહુદ્દીન હતું.
- તેઓ પોતાને બોઝના ડ્રાઇવર ગણાવતા હતા.

**(૩) નિશાંત જીત અરોરા :**
- બીસીસીઆઇના મીડિયા મેનેજર નિશાંત જીત અરોરાએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું.
- તેઓ વર્ષ ૨૦૧૫માં ટીમ ઇન્ડિયા સાથે જોડાયા હતા.
- તેઓ ડ્રેસીંગ રૂમની વાતો બહાર પહોચાડતા હતા તેઓ આરોપ પણ તેમના ઉપર હતો.

**(૪) દોહાથી ઓકલેન્ડ વિશ્વની સૌથી લાંબી ફલાઇટ :**
- કતાર એરલાઇન્સે કતારના પાટનગર દોહાથી લઇને ન્યુઝીલેન્ડના પાટનગર ઓકલેન્ડ સુધીની જગતની સૌથી લાંબી ફલાઇટ શરૂ કરી છે.
- કતાર એરવેઝની ફલાઇટ નંબર ક્યુ–આર–૯૨૦ સતત ૧૬ કલાક ૨૦ મિનિટ સફર કરીને ઓકલેન્ડ પહોંચશે.
- આ માટે એરલાઇન્સે બોઇંગ ૭૭૭–૨૦૦ એલ આર વિમા પસંદ કર્યું છે.
- ઉડ્ડયન દરમિયાન આ વિમાન દુબઇ ભારત, હિન્દ મહાસાગર, ઇન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા થી વગેરે પરથી પસાર થઇ ૧૪,૫૫૫ કિ.મી.નું અંતર કાપશે.
- સમયની દ્રષ્ટિએ સૌથી લાંબી ચાલનારી આ ફલાઇટ વિશ્વના ૧૦ ટાઇમ ઝોનમાંથી પસાર થશે.

પ્રશ્ન :

(૧) તાજેતરમાં કયાં ઇંગ્લેન્ડના ખેલાડીએ ટેસ્ટ ક્રિકેટમાં કેપ્ટન પદે રાજીનામું આપ્યું ?
- એલિસ્ટર કુક

(૨) એવિસ્ટર કુકે ઇંગ્લેન્ડ માટે કેટલી ટેસ્ટ મેચમાં કેપ્ટનશીપ કરી હતી ?
- ૫૯

Vivekanand Academy Gandhinagar

૩ તાજેતરમાં અવસાન પામેલ નેતાજી સુભાષચંદ્ર બોઝના ડ્રાઇવરનું નામ જણાવો.
– કર્નલ નિઝામુદ્દીન
૪ તાજેતરમાં કોણે બીસીસીઆઇના મિડિયા મેનેજર પદેથી રાજીનામું આપ્યું ?
– નિશાંત જીત અરોરા
૫ તાજેતરમાં કઈ એરલાઇન્સે વિશ્વની સૌથી લાંબી ફલાઇટ શરૂ કરી ?
– કતાર એરલાઇન્સ
૬) ક્યાં રૂટ પર વિશ્વની સૌથી લાંબી ફલાઇટ શરૂ થઇ ?
– દોહાથી ઓકલેન્ડ
૭ દોહાથી ઓકલેન્ડ ફલાઇટ કેટલા કિ.મી.નું અંતર કાપશે ?
– ૧૪૫૩૫ કિ.મી.
૮ દોહા– ઓકલેન્ડ ફલાઇટ વિશ્વના કેટલા ટાઇમઝોન પસાર કરશે ?
– ૧૦
૯ દોહા ઓકલેન્ડ રૂટ માટે કતાર એરલાઇન્સ કયું વિમાન પસંદ કર્યું ?
– બોઇંગ ૭૭૭–૨૦૦ એલઆર

## 8.February. 2017

**૧) મોહિત અહલાવત – ક્રિકેટર :**
– દિલ્હીમાં રમાયેલી લોકલ ક્રિકેટ ટૂર્નામેન્ટ ફ્રેન્ડસ પ્રીમિયર લીગમાં મોહિતે માત્ર ૭૨ બોલમાં ૩૦૦ રન અણનમ બનાવ્યા.
– માવી ઇલેવન તરફથી રમી તેને આ સિદ્ધિ નોંધાવી હતી.
– મોહિત ટી–૨૦ ક્રિકેટમાં ૩૦૦ રન બનાવનાર પ્રથમ ક્રિકેટર બની ગયો છે.
– તે દિલ્હી રણજી ટીમમાં પણ રમી ચૂક્યો છે.

**(૨) અટલ સ્નેહ યોજના**
– રાજ્ય સરકાર દ્વારા ૨૫ ડિસેમ્બરના રોજ ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાયીની જન્મજયંતિનો 'અટલ સ્નેહ યોજના' લોન્ચ કરાઇ.
– નાના બાળકોના આરોગ્ય માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ યોજનાની જાહેરાત કરી.
– આ યોજના અંતર્ગત બાળકના જન્મ સમયે જ જન્મજાત રોગોનું નિદાન કરી ફ્રી સારવાર અપાશે.
– જન્મજાત મોતિયો, હૃદયરોગ, ક્લબ ફુટ, કલેફ્ટ ફૂટ સહિતના જન્મજાત રોગોને આવરી લેવાશે.
– સરકારી અને ખાનગી તમામ પ્રસૂતિ ગૃહોમાં આ પરિક્ષણ કરાશે તથા ઘરે જન્મના કિસ્સામાં હેલ્થવર્કર દ્વાર પરીક્ષણની વ્યવસ્થા કરાશે.

પ્રશ્નો :
૧ તાજેતરમાં દિલ્હી ખાતે સ્થાનિક ક્રિકેટમાં કયા ક્રિકેટરે ટી–૨૦ મેચમાં ૩૦૦ રન ફટકાર્યા
– મોહિત અહલાવતે કઈ ટીમ તરફથી ટી–૨૦ મેચમાં ૩૦૦ રન અણનમ બનાવ્યા ?
૩ મોહિત કઈ ટીમ તરફથી રણજી મેચ રમી ચૂક્યો છે ?
– દિલ્હી
૪ તાજેતરમાં રાજ્ય સરકારે ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાનની જન્મજયંતિ ૨૫ ડિસેમ્બરના રોજ કઈ યોજના લોન્ચ કરી
– અટલ સ્નેહ યોજના
૫ અટલ સ્નેહ યોજના કોના માટે છે ?
– જન્મજાત બાળકો માટે
૬ કયા પ્રસુતિગૃહોમાં બાળકના જન્મજાત રોગોનું નિદાન કરી ફ્રી સારવાર આપવામાં આવશે ?
– સરકારી અને ખાનગી બંને

## 9.February. 2017

**૧) ભારતીય યોગ સંઘ :**
– ભારતીય યોગ સંઘના અધ્યક્ષ તરીકે યોગગુરૂ બાબા રામદેવની વરણી કરવામાં આવી.
– ફસ્ટિાર ખાતે યોજાયેલ બેઠકમાં ભારતીય યોગ સંઘની રચના કરાઇ હતી.
– આર્ટ ઓફ લિવિંગની શ્રી શ્રી રવિશંકર અને શાંતીકુંજના પ્રમુખ ડૉ. પ્રણવ પંડયા તેના સભ્ય બન્યા છે.

**(૨) 'એમ્બેસેડર' કાર બનાવતી કંપની વેચાઈ ગઇ .**
– એક સમયે દેશમાં સિમ્બોલ ગણાતી 'એમ્બેસેડર' કાર બનાવતી કંપની વેચાઇ ગઇ.
– આ હિન્દુસ્તાન મોટર્સ કંપનીને યુરોપની કાર ઉત્પાદક કંપની ટ્યુઝોએ રૂ. ૮૦ કરોડમાં ખરીદી
– હિન્દુસ્તાન મોટર્સ કંપનીની સ્થાપના ગુજરાતમાં થઇ હતી.
– દેશના ધનાઢય ગણાતા બિરલા પરિવારમાં બી.એમ. બિરલા દ્વારા ૧૧ ફેબ્રુઆરી, ૧૯૪૨ના રોજ વડોદરામાં આ કંપનીની નોંધણી થઇ હતી.
– આ કંપનીની સૌ પ્રથમ એમ્બેસેડર કારનું ઉત્પાદન પણ ગુજરાતના ઓખા શહેરમાં ઉભા કરાયેલા કામચલાઉ પ્લાન્ટમાં થયું હતું.
– પ્યુજો કંપની હવે તમિલનાડુમાં મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ ઉભો કરીને દર વર્ષે એક લાખ વાહનનું ઉત્પાદન કરશે.

પ્રશ્ન :
(૧) ભારતીય યોગ સંઘના અધ્યક્ષ કોને બનાવવામાં આવ્યા છે ?
– યોગગુરૂ બાબા રામદેવ
(૨) ક્યાં સ્થળે ભારતીય યોગસંઘની રચના કરાઇ ?
– હરિદ્વાર
૩ ભારતમાં એમ્બેસેડર કારનું ઉત્પાદન કઈ કંપની કરતી હતી ?
– હિન્દુસ્તાન મોટર્સ
૪ તાજેતરમાં હિંદુસ્તાન મોટર્સને કોણે ખરીદી ?
– યુરોપની કાર ઉત્પાદક કંપની પ્યુજો
૫ સૌપ્રથમ એમ્બેસેડર કારનું ઉત્પાદન ક્યાં થયું હતું ?
– ઓખા
૬ આગામી સમયમાં પ્યુજો કંપની કયા રાજ્યમાં મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ ઉભો કરશે ?
– તામિલનાડુ

## 10.February. 2017

**૧) રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ :**
– દર વર્ષે ૧૦ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ મનાવવામાં આવે છે.
– કૃમિના લક્ષણો
– કુપોષણ અને લોહીની ઉણપ થાય છે જેનાથી હંમેશા થાક રહે છે.

Vivekanand Academy Gandhinagar

- સંપૂર્ણ શારીરિક અને માનસિક વિકાસમાં અડચણ આવે છે.
- શરીરમાં આર્યનની ઉણપ (પાંડુરોગ) થાય છે.
- આ માટે સરકાર ૧-૧૦ વર્ષના તમામ બાળકોને બધી શાળા અને આંગણવાડીમાં નિઃશુલ્ક કૃમિ નિયંત્રણની ગોળી ખવડાવે છે.
- શાળાએ ન જતા અને આંગણવાડી ખાતે નોંધાયેલ ન હોય તેવા બાળકોને પણ આંગણવાડી ખાતે ગોળી આપવામાં આવે છે.
- આલ્બેન્ડઝોલ નામની ટેબ્લેટ આપવામાં આવે છે.
- જે બાળકો બાકી રહી જાય તેમના માટે ૧૫ ફેબ્રુઆરીના રોજ પણ આ ટેબ્લેટ આપવાનું આયોજન કર્યું છે.

**(૨) ડૉ. શાવના પંડ્યા : અવકાશયાત્રી**

- કેનેડામાં જન્મેલી ભારતીય મૂળની ૩૨ વર્ષીય ડૉ. શાવના પંડ્યાની પસંદગી અવકાશ યાત્રા માટે કરવામાં આવી છે.
- સિટિઝન સાયન્સ એસ્ટ્રોનોટ (CSA) પ્રોગ્રામમાં ટોંચ પર આવ્યા બાદ ૩૨૦૦ લોકોમાંથી બે ઉમેદવાર પસંદગી પામ્યા તેમાં ડૉ. શાવના એક છે.
- ૨૦૧૮ માટે નિર્ધારીત બે સ્પેસ મિશનમાં તેઓ અન્ય આઠ અવકાશયાત્રીઓની સાથે અવકાશમાં જશે.
- તેઓ જ્યારે અવકાશમાં જશે ત્યારે કલ્પના ચાવલા અને સુનીતા વિલિયમ્સ બાદ અવકાશમાં ઉડ્ડયન કરનારા ભારતીય મૂળની ત્રીજી મહિલા તથા ગુજરાત મૂળની બીજી મહિલા બનશે.
- મૂળ ગુજરાતના ઉના -દેલવાડાના છારિયા બ્રાહ્મણ કુટુંબની કન્યા ડૉ. શાવના ન્યૂરો સર્જન છે. તેમજ કેનેડાની અલ્બર્ટા યુનિવર્સિટીમાં જનરલ ફિઝિશિયન તરીકે કામગીરી બનાવે છે

પ્રશ્ન :

૧ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ ક્યારે મનાવાય છે ?
- ૧૦ ફેબ્રુઆરી

૨ કેટલા વર્ષ સૂધીના બાળકોને કૃષિ નિયંત્રણની ગોળી ખવડાવાય છે ?
- ૧-૧૯ વર્ષ

૩ સરકાર દ્વારા કૃમિ નિયંત્રણ માટ કઇ ટેબ્લેટ ખવડાવાય છે ?
- આલ્બેન્ડાઝોલ

૪ આગામી સમયમાં કઇ ભારતીય મૂળની કેનેડીયન યુવતી અવકાશયાત્રા કરશે ?
- ડૉ. શાવના પંડ્યા

૫ ડૉ. શાવના પંડ્યા ગુજરાતના કયા સ્થળની મૂળ વતની છે ?
- ઉના દલવાડા

11.February. 2017

**૧) અજય ત્યાગી :**

- નાણામંત્રાલયના સિનિયર અધિકારી અજય ત્યાગીની સેબીના નવા ચીફ તરીકે નિમણૂંક કરવામાં આવી.
- SEBI સિક્યુરીટિઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા
- હાલમાં સેબીના ચીફ યુ.કે. સિંહા છે તેમનો કાર્યકાળ ૧ માર્ચના રોજ સમાપ્ત થશે.
- અજય ત્યાગીનો કાર્યકાળ ૫ વર્ષ સૂધીનો રહેશે.
- અજય હિમાચલ પ્રદેશ કેડરના ૧૯૮૪ બેચના આઇએએસ અધિકારી છે.

**(૨) ફિફા અંડર-૧૭ વર્લ્ડકપનો મેસ્કોર્ટ જાહેર :**

- આ વર્ષે ભારતમાં યોજાનાર ફિફા અંડર -૧૭ વર્લ્ડકપ માટે આર્ફિશિયલ મેસ્કોર્ટ જાહેર કરાયો.
- આ મેસ્કોટનું નામ 'ખેલેઓ' છે જે એક દિપડાની પ્રતિકૃતિ છે.
- દિલ્હી ખાતે જવાહરલાલ નહેરૂ સ્ટેડિયમમાં સત્તાવાર આ મેસ્કોર્ટની જાહેરાત કરાઇ હતી.
- લોન્ચિંગ સમયે કેન્દ્રિય રમત મંત્રી વિજય ગોયલ તથા ઓલ ઇન્ડિયા ફૂટબોલ ફેડરેશનના પ્રમુખ પ્રફુલ પટેલ હાજર રહ્યા હતા.

**(૩) વિરાટ કોહલી :**

- તાજેતરમાં બાંગ્લાદેશ વિરૂદ્ધ ૧ ટેસ્ટમેચની શ્રેણીમાં ભારતના કેપ્ટન વિરાટ કોહલીએ બેવડી સદી ફટકારી અનેક રેકોર્ડ કર્યા.
- તે સાત દેશો સામે ટેસ્ટ રમ્યો અને તમામ સામે સદી નોંધાવી છે.
- આ ઉપરાંત સતત ચાર સિરિઝમાં બેવડી સદી ફટકારનાર પહેલો ભારતીય સુકની તથા સતત ચાર બેવડી સદી નોંધાવનાર પહેલો ખેલાડી બન્યો.
- આ ઉપરાંત ટેસ્ટ ઇતિહાસના ૧૪૦ વર્ષમાં સતત ૩ ઇનિંગ્સમાં ૬૦૦ પ્લસ સ્કોર કરનાર ભારતીય ટીમ વિશ્વની પ્રથમ ટીમ બની ગઇ છે.
- આ એકમાત્ર ટેસ્ટમચે ભારત જીતી ગયું હતું જેમાં વિરાટ કોહલી મેન ઓફ ધ મેચ ચન્યો હતો.
- કોહલીની કેપ્ટનશીપમાં ભારત ૨૩ મેચ રમ્યું છે જે પૈકી ૧૫ મેચમાં વિજેતા બન્યું છે.

**(૩) રાજ્યવ્યાપી મેગા જોબફેર :**

- રાજ્ય સરકારે ગુજરાતના બેરોજગાર યુવાનોને નોકરી મળી રહે તે માટે રાજ્યવ્યાપી જોબફેરનું આયોજન કર્યું.
- આ માટે રાજ્યના અલગ - અલગ જિલ્લાઓમાં ૧૧ થી ૧૭ ફેબ્રુઆરી દરમિયાન ભરતીમેળાનું આયોજન થશે.
- સ્કિલ ઇન્ડિયા, સ્કિલ ગુજરાતને પ્રોત્સાહન આપવા કુશળ યુવાનોને એક જ અઠવાડિયામાં ૫૦ હજારથી વધુ રોજગારી પ્રાપ્ત થશે.
- આ ભરતી મેળાની શરૂઆત ૧૧ ફેબ્રુઆરીના રોજ સુરત અને અમદાવાદ ખાતે થશે.

પ્રશ્ન :

(૧) સેબીના નવા ચીફ તરીકે કોની નિમણૂંક કરવામાં આવી ?
- અજય ત્યાગી

(૨) સેબીનું પુરૂ નામ જણાવો.
- સિક્યુરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા

૩ અજય ત્યાગી કઇ બેચના આઇએએસ અધિકારી છે ?
- ૧૯૮૪ બેચ હિમાચલપ્રદેશ કેડર

૪ અંડર-૧૭ ફિફા વર્લ્ડકપ કયા યોજાશે ?
- ભારત

૫ અંડર-૧૭ ફિફા વર્લ્ડકપ માટે જાહેર કરાયેલ મેસ્કોર્ટનું નામ જણાવો.
- ખેલેઓ

૬ ખેલેઓમાં કોની પ્રતિકૃતિ છે ?
- દિપડાની

Vivekanand Academy Gandhinagar

૭ કેન્દ્રિય રમત મંત્રી કોણ છે ?
– વિજય ગોયલ
૮ ઓલ ઇન્ડિયા ફુટબોલ ફેડરેશનના પ્રમુખ ?
– પ્રફુલ પટેલ
૯ ટેસ્ટ ક્રિકેટમાં ત્રણ ઇનિંગમાં ૬૦૦ પ્લસ સ્કોર કરનાર ટીમ ?
– ભારત
૧૦ ટેસ્ટ ક્રિકેટમાં સતત ચાર બેવડી સદી નોંધાવનાર ખેલાડી ?
– વિરાટ કોહલી
૧૧ તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા ૨૧૩ કરાયેલ રાજવ્યાપી મેગા જોબફેરની શરૂઆત ક્યાથિ થઈ હતી ?
– સુરત, અમદાવાદ

## 12.February. 2017

**૧) ભારત દ્વારા ઇન્ટરસેપ્ટર મિસાઇલનું સફળ પરિક્ષણ :**
– તાજેતરમાં ૧૧ ફેબ્રુઆરીનાા રોજ ભારતે મિસાઇલ ઇન્ટરસેપ્ટરનું કામ કરનારી પૃથ્વી ડિફેન્સ વ્હિકલ (પીડીવી) નું સફળ પરિક્ષણ કર્યું
– મિસાઇલ ઇન્ટરસેપ્ટર એટલે મિસાઇલને રોકી પાડવું.
– તેનું કામ દુશ્મનનું કોઇ મિસાઇલ ભારતના કોઇભાગ તરફ આવતું હોય તો તેને હવામાં જ અટકાવી ત્યાં તોડી પાડવાનું છે.
– ઓડિશાના બાલાસોર ખાતે આવેલ અબ્દુલ કલામ આઇલેન્ડ ખાતે ડીઆરડીઓ એ આ પરિક્ષણ કર્યું હતું .
– ભારતની મિસાઇલ ડિફેન્સ સિસ્ટમની રેન્જ ૨૦૦૦ કિલોમીટર સુધીને છે.
– આ પહેલા વર્ષ ૨૦૧૪માં પણ ભારતે સફળ પરિક્ષણ કર્યું હતું.
– આ મિસાઇલ ઓટોમેટેડ ઓપરેશન, ૨૫૧૨ આધારિત અને ટ્રેકિંગ સિસ્ટમ વગેરે ટેક્નિકથી સજ્જ છે.
– હાલમાં આવી ટેક્નોલોજી વિશ્વમાં ચાર દેશો પાસે છે. અમેરિકા, રશિયા, ચીન અને ઇઝરાયલ
– ભારત હવે મિસાઇલ ઇન્ટરસેટર ધરાવતો પાંચમો દેશ બનશે.

(૨) ઓલ ઇન્ડિયા પોસ્ટલ બાસ્કેટબોલ ચેમ્પિયન :
– તાજેતરમાં બરોડા ખાતે ઓલ ઇન્ડિયા પોસ્ટલ બાસ્કેટબોલ ચેમ્પિયનશીપ યોજાઇ
– આ ટુર્નામેન્ટમાં ગુજરાતની ટીમ ચેમ્પિયન બની હતી
– ફાઇનલ મેચમાં ગુજરાતની ટીમે તમિલનાડુને ૭૫–૫૭ થી પરાજય આપ્યો હતો.
– ટુર્નામેન્ટ દરમિયાન ગુજરાતની ટીમ અજય રહી હતી
– ગુજરાત ટીમના કોચ : સુખદેવ કોલોતરા

પ્રશ્ન :
૧ તાજેતરમાં ભારત દ્વારા કઇ ઇન્ટરસેપ્ટર મીસાઇલનું પરિક્ષણ થયું ?
– પૃથ્વી ડિફેન્સ વ્હિકલ
૨ પીડીવી ઇન્ટરસેપ્ટર મિસાઇલનું પરિક્ષણ કયાં કરાયું હતું ?
– અબ્દુલ કલામ આઇલેન્ડ, ઓડિશા
૩ વિશ્વમાં ઇન્ટરસેપ્ટર મિસાઇલ ટેક્નોલોજી કેટલા દેશ પાસે છે ?
– ભારત સહીત પાંચ
૪ તાજેતરમાં ઓલ ઇન્ડિયા પોસ્ટલ બાસ્કેટબોલ ચેમ્પિયશીપ કયાં યોજાઇ ?
– બરોડા
૫ ઓલ ઇન્ડિયા પોસ્ટલ બાસ્કેટબોલ ચેમ્પિયનશીપ વિજેતા ટીમ ?
– ગુજરાત
૬ ગુજરાતે ઓલ ઇન્ડિયા પોસ્ટલ બાસ્કેટબોલ ચેમ્પિયનશીપમા કોને હરાવ્યું હતું ?
– તમિલનાડુ

## 13.February. 2017

**૧) રાષ્ટ્રીય મહિલા દિવસ :**
– ભારતના મહત્વપૂર્ણ રાષ્ટ્રીય નેતાઓમાના એક સરોજિની નાયડુની યાદમાં આ દિવસ મનાવાય છે.
– તેમનો જન્મ ૧૩ ફેબ્રુઆરી, ૧૮૭૯ના રોજ થયો હતો.
– ભારતને સ્વતંત્રતા મળ્યા બાદ તેઓ ઉત્તરપ્રદેશના પ્રથમ રાજ્યપાલ બન્યા હતા.
– ૧૯૨૫માં તેઓ કાનપુર અધિવેશનમાં અધ્યક્ષ બન્યા હતા.
– હિન્દની બુલબુલ તરીકે જાણીતા સરોજિની નાયડુ સારા કવિયિત્રી પણ હતાં અને તેમનો પહેલો કાવ્યસંગ્રહ ‘ધ ગોલ્ડન થ્રેસહોલ્ડ’ ૧૯૦૫માં પ્રકાશિત થયો હતો.

**(૨) વિશ્વ રેડિયો દિવસ :**
– ૧૩ ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં રેડિયો દિવસની ઉજવણી થાય છે.
– ભારતમાં વર્ષ ૧૯૨૩માં રેડીયો ક્લબ ઓફ બોમ્બેની સ્થાપના થઇ હતી.
– તેમજ વર્ષ ૧૯૩૨માં વાયરલેસ રેડિયોની શરૂઆત થઇ હતી.

**(૩) આજના દિવસે દિલ્હી ભારતનુ પાટનગર બન્યું હતું.**
– ૧૯૩૧ની ૧૩મી ફેબ્રુઆરીએ દિલ્હી ભારતનું પાટનગર બન્યું હતું.
– કલકત્તાથી ખસેડીને દેશની રાજધાની દિલ્હી બનાવવાનો નિર્ણય ૧૯૧૧માં ભારત આવેલા જ્યોર્જ પંચમ દ્વારા લેવાયો હતો.
– ૧૯૧૧ ની ૧૨મી ડિસેમ્બર જ્યોર્જ પંચમે દિલ્હીનું ખાતમૂહુર્ત કર્યું હતું.
– મુખ્ય ઇજનેર તરીકે બ્રિટનના એડવિન લ્યુટજેન્સ હતા જ્યારે તેમની મદદ માટે જાણીતા આર્કિટેક્ટ હર્બટ બેકર હતા.

**(૪) બ્લાઇન્ડ ટી–૨૦ વર્લ્ડ કપ :**
– ભારતના નેત્રહીન ક્રિકેટરોએ ટી–૨૦ વર્લ્ડકપમાં શાનદાર દેખાવ કરતા વર્લ્ડકપ પોતાના નામે કર્યો.
– બેંગ્લુરૂના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી ફાઇનલમાં ભારતે પાકિસ્તાનને પરાજય આપ્યો.
– આ પહેલા ભારતે ૨૦૧૨માં પાકિસ્તાનને બેંગ્લોરમાં જ પરાજય આી પહેલો બ્લાઇન્ડ ટી–૨૦ વર્લ્ડકપ જીત્યો હતો.
– પાકિસ્તાને ૨૦ ઓવરમાં ૧૯૭ રન કર્યા હતા જવાબમાં ભારતે માત્ર એક વિકેટ ગુમાવી ૧૭.૪ ઓવરમાં લક્ષ્યાંક પાર પાડ્યો હતો.
– ભારત તરફથી ઓપનર પ્રકાશ જયરમૈયા હે ૬૦ બોલમાં અણનમ ૯૯ રન ફટકાર્યા હતા.
– ગુજરાતમાં પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટર કેતન પટેલ મેન ઓફ ધ સિરિઝ બન્યો હતો.

Vivekanand Academy Gandhinagar

- ભારત બ્લાઇન્ડ ટીમ કેપ્ટન : અજયકુમાર રેડ્ડી
- વન ડે ફોર્મેટમાં પણ વર્ષ ૨૦૧૪માં ભારતે સાઉથ આફ્રિકાના કેપટાઉનમાં ૪૦ ઓવરના વર્લ્ડકપમાં પાકિસ્તાનને જ ૫ વિકેટથી હરાવી ટાઇટલ પોતાના નામે કર્યું હતું.

પ્રજ્ઞાચક્ષુઓનું ક્રિકેટ કેવી રીતે રમાય છે ?

- ૧૧ ખેલાડીઓની ટીમમાં ચાર સંપૂર્ણ પ્રજ્ઞાચક્ષુ (બી૧ કેટેગરી) ત્રણ અંશતઃ પ્રજ્ઞાચક્ષુ (ખીર કેટેગરી) અને ચાર દ્રષ્ટિની ખામી ધરાવતા ખેલાડીઓ (બી૩ કેટેગરી) હોવા જોઇએ.
- ઉપયોગમાં લેવાતો બોલ સામાન્ય ક્રિકેટબોલ કરતા થોડો મોટો હોય અને તેમાથી અવાજ કરે તેવો પદાર્થ નાખવામાં આવે છે જેથી બોલ નજીક આવે એટલે અવાજ આવે.
- આ મેચમાં અંડરઆર્મ બોલિંગ કરવાની હોય છે.
- બોલર બોલ નાખતા પહેલા બુમ પાડી 'રેડી' બેટ્સમેન જવાબ આપે 'યસ' બોલર બોલ નાખતા પહેલા કહે 'પ્લે' જો આ વાતચીતમાં યોગ્ય સમય ન જળવાય તો અમ્પાયર નોબોલ જાહેર કરે છે.
- બી-૧ કેટેગરીના એટલે કે સંપૂર્ણ પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટરો જેટલા રન કરે તેના ડબલ રન સ્કોરબોર્ડ લખાય છે. અને તેઓના વન બાઉન્સ કેચ પર બેટ્સમેન આઉટ થાય છે.

**(૫) નિલેશ શિવજી**

- ઇન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ ઓફ ઇન્ડિયા (આઇસીએઆઇ) ના અધ્યક્ષપદે નિમણૂંક કરાઇ
- નિલેશ શિવજી વિકાસમેન મુંબઈના રહેવાસી છે.
- તથા વિક્રમ ગુપ્તાની ઉપાધ્યક્ષ તરીકે વરણી કરાઇ છે.

**(૬) રાષ્ટ્રીય કક્ષાની ગીરનાર આરોહણ- અવરોહણ સ્પર્ધા.**

- તાજેતરમાં જૂનાગઢના ગિરનાર પર્વત પર ૧૦ મી રાષ્ટ્રીય કક્ષાની આરોહણ - અવરોહણ સ્પર્ધા યોજાઇ
- આ સ્પર્ધામાં ભાઇઓ માટે ૫૦૦૦ પગથીયા તથા બહેનો માટે ૨૨૦૦ પગથીયા ચડીને ઉતરવાની સ્પર્ધા હોય છે.
- સ્પર્ધામાં પ્રથમ દ્વિતિય અને તૃતીય ક્રમે આવનાર સ્પર્ધકને અનુક્રમે ૫૦ હજાર, ૨૫ હજાર અને ૧૫ હજાર રૂા નું ઇનામ આપવામાં આવ્યું છે.
- અલગ-અલગ ૯ રાજ્યના સ્પર્ધકોએ ભાગ લીધો હતો.
- પ્રથમ ક્રમે આવેલા જુનિયર અને સિનિયર વિભાગના વિજેતા નીચે મુજબ છે.
- સિનિયર ભાઇઓમાં પ્રથમ - બિરેન્દ્રકુમાર - હરિયાણા
- જુનિયર ભાઇઓમાં પ્રથમ - નવીનકુમાર - હરિયાણા
- સિનિયર બહેનોમાં પ્રથમ - કાજલબેન સોલંકી- ગુજરાત
- જુનિયર બહેનોમાં પ્રથમ-વાલીબેન ગળચર - ગુજરાત

**(૭) આર. અશ્વિન ટેસ્ટમાં ૨૫૦ વિકેટ પૂરી કરી.**

- ભારતના સ્ટાર ખેલાડી સ્પીનર આર. અશ્વિન ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપથી ૨૫૦ વિકેટ પૂરી કરનારો ખેલાડી બની ગયો છે.
- તેણે બાંગ્લાદેશ સામેની પોતાની કારકીર્દિની ૪૫ મી મેચમાં શુરાફિફ્ર રહીમની વિકેટ લઇ આ સિદ્ધિ મેળવી હતી.
- અશ્વિને ૩૬ વર્ષ જૂનો ડેનીસ લીલીનો રેકોર્ડ તોડ્યો ઓસ્ટ્રેલિયાના ડેનિસ લીલીએ ૪૮ મેચમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી.

પ્રશ્નો :

૧ ૧૩ ફેબ્રુઆરીના રોજ કયો રાષ્ટ્રીય દિવસ ઉજવાય છે ?
- રાષ્ટ્રીય મહિલા દિવસ

૨ કયા મહાનુભાવની યાદમાં રાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાય છે ?
- સરોજિની નાયડુ

૩ સરોજિની નાયડુના પ્રથમ કાવ્યસંગ્રહનું નામ જણાવો.
- ધ ગોલ્ડન થ્રેશહોલ્ડ

૪ ૧૩ ફેબ્રુઆરીના રોજ અન્ય કયો વૈશ્વિક દિવસ મનાવાય છે ?
- વિશ્વ રેડીયો દિવસ

૫ કયો દિવસ દિલ્હી ભારતનું પાટનગર બન્યું હતું ?
- ૧૩ ફેબ્રુઆરી

૬ દિલ્હી પહેલા ભારતનું પાટનગર કયું હતું ?
- કોલકત્તા

૭ બ્લાઇન્ડ ટી-૨૦ વર્લ્ડકપ- ૨૦૧૭ નું આયોજન કયાં થયું હતું ?
- ભારત

૮ બ્લાઇન્ડ ટી-૨૦ વર્લ્ડકપ વિજેતા ?
- ભારત

૯ કોને હરાવી ભારત ટી-૨૦ વર્લ્ડકપ (બ્લાઇન્ડ) માં વિજેતા બન્યું ?
- પાકિસ્તાન

૧૦ બ્લાઇન્ડ ટી-૨૦ વર્લ્ડકપ - ૨૦૧૭ની ફાઇનલ મેચ કયાં રમાઇ હતી ?
- ચિન્નાસ્વામી સ્ટેડીયમ બેંગ્લુરૂ

૧૧ પ્રથમ બ્લાઇન્ડ ટી-૨૦ વર્લ્ડકપ ક્યારે રમાયો હતો ? અને વિજેતા ?
- ૨૦૧૨, ભારત

૧૨ ભારતના બ્લાઇન્ડ ટી-૨૦ ક્રિકેટ ટીમના કેપ્ટન
- અજયકુમાર રેડ્ડી

૧૩ બ્લાઇન્ડ ક્રિકેટમાં વન-ડે ફોર્મેટમાં કેટલા ઓવરની મેચ હોય છે ?
- ૪૦ ઓવર

૧૪ તાજેતરમાં ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી ૨૫૦ વિકેટ ઝડપનાર ખેલાડી ?
- આર. અશ્વિન

૧૫ તાજેતરમાં જૂનાગઢ ગિરનાર ખાતે રાષ્ટ્રીય કક્ષાની કેટલામી આરોહણ અવરોહણ સ્પર્ધા યોજાઇ ?
- ૧૦ મી

૧૬ ગિરનાર આરોહણ- અવરોહણ સ્પર્ધામાં ભાઇઓ અને બહેનો માટે કેટલા પગથીયા ચડવા-ઉતરવાના હોય છે.
- ભાઇઓ - ૫૦૦૦, બહેનો - ૨૨૦૦

૧૭ તાજેતરમાં ઇન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ ઓફ ઇન્ડિયાના અધ્યક્ષપદે કોની નિમણૂંક કરાઇ ?
- નિલેશ શિવજી

## 14.February. 2017

**૧) ગ્રેમી એવોર્ડ**

- તાજેતરમાં ન્યુયોર્કમાં ૫૯માં ગ્રેમી એવોર્ડ યોજાયો.
- સંગીત માટે પ્રખ્યાત આ એવોર્ડ ભારતીય તબલાવાદક સંદીપદાસને પણ મળ્યો ?

Vivekanand Academy Gandhinagar

- સંદીપદાસને આ એવોર્ડ યો યો મા સાથે જુગલબંદી માટે મળ્યો સંદીપ દાસ યો યો માના આલ્બમ 'સિંમ ગી હોમ' નો હિસ્સો હતો
- સૌથી વધુ એડલને આલબ્મ ઓફ ધ યર, સોંગ ઓફ ધ યર અને રેકોર્ડ ઓફ ધ યર સહિતના પાંચ એવોર્ડ મળ્યા હતા.
- ભારતીય સિતારવાદક અનુષ્કા શંકરને સતત છઠ્ઠી વખત એવોર્ડ મેળવવામાં અસફળતા મળી હતી.

**(૨) જો રૂટ – ઇંગ્લેન્ડ ટેસ્ટ કેપ્ટન :**

- ઇંગ્લેન્ડના ઉભરતા ક્રિકેટર જો રૂટને ટેસ્ટ ટીમના કેપ્ટન બનાવાયો છે.
- તાજેતરમાં એલિસ્ટર કુકે રાજીનામું આપ્યા બાદ ઇબીસી દ્વારા જો રૂટને કેપ્ટન જાહેર કરાયો હતો.
- તથા બેન સ્ટોક્સની વાઇસ કેપ્ટનપદે નિમણૂંક કરવામાં આવી.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં કેટલામો ગ્રેમી એવોર્ચ યોજાયો ?
- ૫૯મો
૨ ૫૯મો ગ્રેમી એવોર્ડ ક્યાં યોજાયો ?
- ન્યુયોર્ક
૩ અનુષ્કા શંકરનું ક્ષેત્ર જણાવો.
- સિતારવાદક
૪ કયા ભારતીયને સંગીત માટેનો પ્રખ્યાત ગ્રેમી એવોર્ડ એનાયત થયો ?
- સંદીત દાસ
૫ સંદીપદાસ ક્યાં ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ?
- તબલાવાદક
૬ તાજેતરમાં ઇંગ્લેન્ડની ટેસ્ટ ક્રિકેટ ટીમ માટે કોને કેપ્ટનપદે નિયુક્ત કરાયા ?
- જો રૂટ

## 15.February. 2017

**૧) એડમ વોગ્સ :**

- ઓસ્ટ્રેલિયાના બેટ્સમેન એડમ વોગ્સે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઇ લીધી.
- વોગ્સ્ ડોન બ્રેડમેન બાદ શ્રેષ્ઠ એવરેજ ધરાવનાર બીજો બેટ્સમેન છે.
- એડ્મ વોટસે ૨૦ ટેસ્ટની ૨૧ ઇનિંગ્સમાં ૬૧.૮૭ની એવરેજથી ૧૪૮૫ રન કર્યા છે. જેમાં ૫ સદી અને ૪ અર્ધી સદી સામેલ છે.
- વર્ષ ૨૦૧૫માં ૩૫ વર્ષની ઉંમરે ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું ?
- વેસ્ટઇન્ડિઝ સામેની પ્રથમ મેચમાં અણનમ ૧૩૦ રન ફટકારી તે વિશ્વનો સૌથી મોટી ઉંમરે પ્રથમ ટેસ્ટમાં સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો હતો.

**(૨) દેશની સૌ પ્રથમ બાઇક એમ્બ્યુબ્યુલન્સ :**

- ગુજરાતમાં નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે દેશની સૌપ્રથમ બાઇક એમ્બ્યુલન્સ શરૂ કરાઇ
- આંતરિયાળ વિસ્તારોમાં દર્દીઓને મુશ્કેલીઓનો સામનો ના કરવો પડે તેવા હેતુથી આ સેવા શરૂ કરાઇ
- એમ્બ્યુલન્સમાં પ્રાથમિક સારવારની કીટ, મોબાઇલ ફોન, વાયરલેસ સેટ તેમજ જીપીએસ સુવિધા હશે.
- પોલીસ કંટ્રોલરૂમ સાથે એટેચ હોવાથી ગંભીર બનાવોમાં ઘટના સ્થળે પોલીસ પણ પહોંચી જશે.
- દર્દીની સાથે બાઇકમાં પાછળની શીટ પર દર્દીના સ્વજન પણ બેસી શકશે.

પ્રશ્નો :

(૧ ફેબ્રુઆરી ૨૦૧૭માં કયાં ઓસ્ટ્રેલિયન ક્રિકેટરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તી લીધી ?
- એડમ વોગ્સ
૨ ડોન બ્રેડમેન બાદ શ્રેષ્ઠ એવરેજ ધરાવનાર ખેલાડી ?
- એડમ વોગ્સ
૩ એડમ વોગ્સની ટેસ્ટમાં એવરેજ જણાવો.
- ૬૧.૮૭
૪ ૩૫ વર્ષની ટેસ્ટમાં પદાર્પણ કરી પ્રથમ મેચમાં જ કોની સામે સદી ફટકારી હતી ?
- વેસ્ટ ઇન્ડિઝ
૫ દેશની સૌ પ્રથમ બાઇક એમ્બ્યુલન્સ ક્યાંથી શરૂ થઇ ?
- રાજપીપળા, નર્મદા જિલ્લો
૬ દેશની સૌ પ્રથમ બાઇક એમ્બ્યુલન્સમાં દર્દી સાથે કેટલા વ્યક્તિ બેસી શકશે ?
- એક

## 16.February. 2017

**૧) ઇસરોએ એકસાથે ૧૦૪ સેટેલાઇટ લોન્ચ કરી ઇતિહાસ રચ્યો ?**

- ઇન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો) એ ૧૫ ફેબ્રુઆરીના રોજ શ્રી હરિકોટા સ્થિત સતિષ ધવન સ્પેસ સેટર ખાતેથી એક સાથે ૧૦૪ સેટેલાઇટ લોદરા કર્યા
- આ લોન્ચિંગ પીએસએલવી સી–૩૭ દ્વારા કરાયું હતું.
- પીએસએલવી ની આ ૩૯મી ઉડાન હતી.
- ૧૦૪ ઉપગ્રહો પૈકી ૩ ભારતના જ્યારે ૧૦૧ ઉપગ્રહો અન્ય દેશોના છે.
- ભારતના ૩ ઉપગ્રહોમાં એક કાર્ટોસેટ સિરિઝનો કાર્ટોસેટ–૨ હતો જે પૃથ્વી નિરિક્ષણ માટેનો ઉપગ્રહક હતો. તથા બે નેનો સેટેલાઇટ આઇએનએસ – ૧ એ અને આઇએનએસ – ૧ બી હતા
- અન્ય સેટેલાઇટમાં અમેરિકાના ૯૬ તથા ઇઝરાયલ સંયુક્ત આરબ અમીરાત, નેધરલેન્ડ, સ્વિત્ઝર્લેન્ડ તેમજ કઝાકિસ્તાનના એક એક નેનો સેટેલાઇટ હતા
- બધા ઉપગ્રહોનું કુલ વજન ૧૩૭૮ કિલોગ્રામ હતું.
- અગાઉ સૌથી વધુ ૩૭ ઉપગ્રહકો એક જ રોકેટ દ્વારા લોન્ચ કરવાનો વિક્રમ રશિયાના નામે હતો
- અમેરિકાએ એક સાથે ૨૯ ઉપગ્રહો લોન્ચ કર્યા હતા. ભારતે ગયા વર્ષે જ એક સાથે ૨૦ ઉપગ્રહો લોન્ચ કર્યા હતા.
- ઉપગ્રહો જેના દ્વારા લોન્ચ કરવામાં આવ્યા એ પીએસએલવી રોકેટ ૪૪ મીટર ઉંચુ અને ૨.૮ મીટર વ્યાસનું છે.
- ૧૯૯૩ થી કાર્યરત પીએસએલવી (પોલાર સેટેલાઇટ લોન્ચ વ્હેકીલ) નું વજન ૩૨૦ ટન છે.
- પીએસએલવી ૨૦૧૦ પછી એકપણ લોન્ચિંગમાં નિષ્ફળતા મળી નથી.

**અંતરિક્ષ સાથે જોડાયેલ ભારતનો ઇતિહાસ :**

- ભારતે પોતાનું પ્રથમ રોકેટ લોન્ચિંગ ૨૧ નવેમ્બર ૧૯૬૩માં હાથ ધર્યું હતું તેને અમેરિકા પાસેથી ખરીદવામાં આવ્યું હતું. માત્ર લોન્ચિંગ પારખવા તેનો ઉપયોગ થયો હતો.
- ભારતમાં બનેલું પ્રથમ રોકેટ રોહિણી – ૭૫ હતું તેને ૨૦ નવેમ્બર ૧૯૬૭ના રોજ લોન્ચ કર્યું હતું.
- ૧૯ એપ્રિલ, ૧૯૭૫ ના રોજ ભારતનો પ્રથમ સેટેલાઇટ લોન્ચ થયો હતો. ૩૬૦ કિલોના એ ઉપગ્રહને આર્યભટ્ટ નામ આપવામાં આવ્યું હતું (સોવિયત સંઘના રોકેટ દ્વારા)
- ૭ જુન ૧૯૭૯ના રોજ ઇસરોએ પ્રથમ રિમોટ સેન્સિંગ સેટેલાઇટ ભાસ્કર – ૧ લોન્ચ કર્યા હતો. તે ઉપગ્રહની મદદથી જંગલ, પાણી અને સમુદ્રની જાણકારી મેળવી શકાતી હતી.
- કેપ્ટન રાકેશ શર્મા ૩ એપ્રિલ ૧૯૮૪ ના દિવસે સોયૂઝ ટી–૧૧ માં અંતરિક્ષમાં પહોંચનારા પહેલા ભારતીય હતા.
  અવકાશમાં જનારી પહેલી ભારતીય મહિલા હતા.
- ચંદ્રયાન –૧ દેશનું પહેલું ચંદ્ર મિશન હતું જે ૨૨ ઓક્ટોબર ૨૦૦૮ના દિવસે છોડાયું હતું.
- માર્સ ઓર્લિસ્ટર ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૪ના દિવસે મંગળની ભ્રમણકક્ષામાં દાખલ થયું હતું.
- પહેલા જ પ્રયાસે મંગળના સફળ મિશન પાર પાડનારો ભારત પહેલો દેશ બન્યો હતો.

**(૨) યશ ચોપરા મેમોરિયલ એવોર્ડ :**

- બોલીવુડના સફળ ફિલ્મસર્જક યશ ચોપરાની યાદમાં છેલ્લા ત્રણ વર્ષથી યશ ચોપરા મેમોરિયલ એવોર્ડ આપવામાં આવે છે.
- સૌથી પહેલો યશ ચોપરા સ્મૃતિ પુરસ્કાર સ્વર કિન્નરી લતા મંગલેશકરને એનાયત થયો હતો.
- ત્યારબાદ અમિતાભ બચ્ચનને બીજો અને સદાબહાર અભિનેત્રી રેખાને ત્રીજો પુરસ્કાર એનાયત થયો હતો.
- આ વર્ષે ચોથો પુરસ્કાર શાહરૂખ ખાનને એનાયત થશે.ફ
- અભિનેત્રી રેખા અને મહારાષ્ટ્રના રાજ્યપાલ સી– વિદ્યાસાગર રાવ અને એક સમારંભમાં શાહરૂખ ખાનનો આ એવોર્ડ એનાયત કરશે.

**(૩) લૌરિયસ સ્પોર્ટસ એવોર્ડ્ઝ :**

- તાજેતરમાં મોનાકો ખાતે સ્પોર્ટ્સ્ વર્લ્ડમાં ઓસ્કારને સમકક્ષ ગણાતા લૌરિયસ સ્પોર્ટ્સ એવોર્ડના સમારંભ યોજાયો.

(૧) સ્પોર્ટમેન ઓફ ધ યર – ઉસૈન બોલ્ટ (જમૈકા)
(૨) સ્પોર્ટસ વુમન ઓફ ધ યર– સિમોન બાઇલ્સ (અમેરિકા)
(૩) બોરિસ બેકર કમ બેક ઓફ ધ યર (માઇકલ ફેલ્પ્સ (અમેરિકા)

- આ ઉપરાંત રિયો ઓલિમ્પિકમાં ભાગ લેનારીછ રેફ્યુજી ટીમને ટીમ ઓફ ધ યરનો ખીતાબ મળ્યો હતો.

પ્રશ્નો :

૧ ૧૫ ફેબ્રુઆરીના રોજ ઇસરોએ કેટલા સેટેલાઇટ લોન્ચ કરી વર્લ્ડરેકોર્ડ સર્જ્યો ?
– ૧૦૪
૨ કયા રોકેટ દ્વારા ઇસકરોએ ૧૦૪ સેટેલાઇટ લોન્ચ કર્યા ?
– પીએસએલવી સી– ૩૭
૩ ૧૦૪ ઉપગ્રહમાં ભારતના કયાં કયાં ઉપગ્રહ હતા ?
– કુલ –૩ (કાર્ટોસેટ–૨, આઇએનએસ ૧ એ, આઇએનએસ ૧ બી
૪ ભારત ઉપરાત કેટલા દેશના ઉપગ્રહ હતા ?
– ૬
૫ અમેરિકાના કેટલા નેનો ઉપગ્રહ હતા ?
– ૯૬
૬ ભારતમાં બનેલું પ્રથમ રોકેટ ?
– રોહિણી – ૭૫
૭ ભારતે કયો પ્રથમ સેટેલાઇટ લોન્ચ કર્યો હતો ?
– આર્યભટ્ટ
૮ કયા દેશની મદદથી ભારતે આર્યભટ્ટ લોન્ચ કર્યા હતા ?
– સોવિયત સંઘ
૯ કયા યાનમાં રાકેશ શર્મા અંતરિક્ષમાં પહોંચ્યા હતા ?
– સોયુઝ ટી–૧૧
૧૦ કયા યાનમાં કલ્પના ચાવલા અવકાશમાં ગયા હતા ?
– કોલંબિયા
૧૧ પહેલા જ પ્રયાસે મંગળ મિશન સફળ પાડનારો દેશ ?
– ભારત
૧૨ ચોથો યશ ચોપરા મેમોરિયલ એવોર્ડ કોને એનાયત થયો ?
– શાહરૂખ ખાન
૧૩ પ્રથમ યશ ચોપરા મેમોરિયલ એવોર્ડ કોને એનાયતથયો હતો ?
– લતા મંગેશકર
૧૪ તાજેતરમાં સ્પોર્ટ્સ વર્લ્ડમાં ઓસ્કારને સમકક્ષ ગણાતા લોરિયસ સ્પોર્ટ્સ એવોર્ડ કયાં યોજાયો ?
– મોનાકો
૧૫ સૌરિયસ સ્પોર્ટ્સ સમારોહમાં કોને સ્પોર્ટ્સમેન ઓફ ધ યરના એવોર્ડથી સન્માનીત કરાયા ?
– ઉસેન બોલ્ટ જમૈકા
૧૬ સ્પોર્ટ્સવુમન ઓફ ધ યર – લોરિયસ સ્પોર્ટસ એવોર્ડ ?
– સિમોન બાઇલ્સ (અમેરિકા)
૧૭ લોરિય સ્પોર્ટસ એવોર્ડમાં કોને ટીમ ઓફ ધ યરનો ખિતાબ એનાયત થયો ?
– રિયો ઓલિમ્પીકમાં ભાગ લેનાર રેફ્યુજી ટીમ

## 17.February. 2017

**(૧) પલાની સામી :**

- તમિલનાડુના નવા મુખ્યમંત્રી પદે શશિકલાના ટેકેદાર ઇડાપટ્ટી કે પલાનીસામી નિયુક્ત થયા.
- છેલ્લા બે મહિનામાં તેઓ રાજ્યના ત્રીજા સી.એમ. બન્યા.
- તેમણે ૩૦ પ્રધાનો સાથે રાજ્યપાલ વિદ્યાસાગર રાવ દ્વારા હોદ્દો અને ગુપ્તતાના શપથ લીધા
- પલાનીસામીએ ૧૫ દિવસમાં વિધાનસભામાં તેમની બહુમતી પુરવાર કરવી પડશે.
- તેઓ રાજ્યના ૧૩ માં મુખ્યપ્રધાન બન્યા છે.

**(૨) બિહારના સરકારી કર્મચારી – અધિકારી પર કડક દારૂબંધી :**

- તાજેતરમાં બિહાર સરકાર દ્વારા દારૂબંધી અને નશાબંધીને વધારે કડક કરવા રાજ્ય સરકારના તમામ કર્મચારી – અધિકારી પર રાજ્ય કે દેશમા ક્યાંય પણ નશો કરવા પર પ્રતિબંધ લગાવી દીધો છે.

- આ માટે બિહાર કેબિનેટ દ્વારા બિહાર સરકારી સેવક અને આચાર નિયમાવલી ૧૯૭૬માં સુધારો કરવામાં આવ્યો છે.
- રાજ્યના તમામ આઇએએસ, આઇપીએસ , પીસીએસ વગેરે રાજ્યમાં કે રાજ્યની બહાર નશો કરી શકશે નહીં
- સરકારના આ નિર્ણય વિરૂદ્ધ કોઇપણ કર્મચારી અધિકારી નશો કરતાં પકડાશે તો તેમની સામે કડક પગલાં લેવાશે.

**(૩) ઇન્ડેક્સ ઓફ ઇકોનોમિક ફીલ્મ :**

- તાજેતરમાં અમેરિકાની સંશોધન સંસ્થા ધી હેરિટેજ ફાઉન્ડેશન ઇન્ડેક્સ ઓફ ઈકોનોમિક ફિલ્મ જારી કર્યું હતું.
- આર્થિક સ્વતંત્રતાના આ વાર્ષિક સુચકઆંકમાં ભારત ૧૪૩માં ક્રમે છે.
- આ સુચકાંકમાં ભારતે કુલ ૫૨-૬ આંક હાંસલ કર્યા છે.
- ગત વર્ષે આ સુચકાંકમાં ભારતનો ક્રમ ૧૨૩મો હતો, જે આ વર્ષે ૧૪૩ થતાં ભારતનું પ્રદર્શન નબળું રહ્યું છે.
- આ સુચકાંકમાં હોંગકોંગ, સિંગાપુર અને ન્યુઝિલેન્ડ મેચ પર છે.

**(૪) 'ઝિલેન્ડિયા' – પૃથ્વી પરનો નવો ખંડ :**

- પૃથ્વી પર વિજ્ઞાનીઓએ 'ઝિલેન્ડિયા નામનો નવા ખાંડની શોધ કરી'
- જીએસએ ના અહેવાલ મુજબ આ ખંડ ન્યુઝિલેન્ડ અને ન્યુ કેલેડોનિયાને સમાવતો ઓસ્ટ્રેલિયાની પૂર્વ બાજુએ આવેલા પ્રશાંત મહાસાગરનો નૈઋત્ય પ્રદેશ છે.
- સામાન્ય જ્ઞાન મુજબ પૃથ્વી પર સાત ખંડો આવેલા છે.
  ૧) એશિયા (૨) યુરોપ (૩) આફ્રિકા (૪) ઉત્તર અમેરિકા (૫) દક્ષિણ અમેરિકા (૬) ઓસ્ટ્રેલિયા (૭) એન્ટાર્કટિકા

પ્રશ્નો :

(૧) ૧૬ ફેબ્રુઆરીના રોજ તમિલનાડુના મુખ્યમંત્રી કોણ બન્યા ?
- કે.પલાની સામી

(૨) પલાનીસામી તમિલનાડુના કેટલામાં મુખ્યમંત્રી બન્યા ?
- ૧૩મા

(૩) તાજેતરમાં કુલ રાજ્યના સરકારી કર્મચારી – અધિકારીઓ પર દેશભરમાં નશો કરવા પ્રતિબંધ લદાયો ?
- બિહાર

(૪) અમેરિકાની સંસ્થા ધી હેરિટેજ ફાઉન્ડેશનના ઇન્ડેક્સ ઓફ ઇકોનોમિક ફિલ્મમાં ભારતનો ક્રમ ?
- ૧૪૩

(૫) ઇન્ડેક્સ ઓફ ઇકોનોમિક ફિલ્મમાં કયા ત્રણં દેશ ટોંચ પર છે ?
- હોંગકોંગ , સિંગાપુર (ન્યુઝિલેન્ડ)

(૬) વિજ્ઞાનીઓના મત મુજબ પૃથ્વી પર કયો નવો ખંડ જણાવો ?
- ઝિલેન્ડિયા

(૭) પૃથ્વી પર સામાન્ય જ્ઞાન મુજબ હાલમાં કેટલા ખંડ આવેલા છે ?
- સાત

## 18.February. 2017

**(૧) સુપ્રિમ કોર્ટમાં ૨૮ વર્ષ બાદ એક સાથે ૫ જજે શપથ લીધા.**

- સુપ્રિમ કોર્ટમાં ૫ નવા ન્યાયાધીશોની નિયુક્તિ કરવામાં આવી છે.
- ચીફ જસ્ટિસ જે.એસ. ખેહરે પાંચેય જજને શપથ લેવડાવ્યા હતા.
- નવા નીમાયેલા ન્યાયમુર્તિઓ પૈકી ચાર હાઇકોર્ટમા ચીફ જસ્ટિસ રહી ચૂક્યા છે.
- નવા નીમાયેલા જજ અને તેમનો અગાઉનો હોદ્દો :

| નામ | અગાઉનો હોદ્દો |
|---|---|
| જસ્ટિસ નવિન સિન્હા | મુખ્ય ન્યાયધીશ રાજસ્થાન હાઇકોર્ટ |
| જસ્ટિસ દિપક ગુપ્તા | મુખ્ય ન્યાયશીશ છત્તિસગઢ હાઇકોર્ટ |
| જસ્ટિસ મોહન શાંતિનાગૌદાર | મુખ્ય ન્યાયધીશ કેરળ હાઇકોર્ટ |
| જસ્ટિસ એસ. અબ્દુલ નઝીર | ન્યાયધીશ કર્ણાટક હાઇકોર્ટ |

- સુપ્રિમ કોર્ટમાં ૩૧ ન્યાયમુર્તિની જરૂર અને મંજુર થયેલી સંખ્યા છે. જે પૈકી પાંચ નવી નિમણૂંક થતાં હાલમાં ન્યાયમૂર્તિઓની સંખ્યા ૨૮ પર પહોંચી છે.

**(૨) આઇસીસી વિમ્ન્સ વર્લ્ડકપ ક્વોલિફાયર :**

- ચાલુ વર્ષે ઇંગ્લેન્ડ ખાતે વિમેન્સ વર્લ્ડકપ યોજાશે.
- આ માટે આઇસીસી વર્લ્ડકપ ક્વોલિફાયરમાં ભારતીય મહિલા ટીમે સળંગ છ મેચ જીતી વર્લ્ડકપ માટે ક્વોલિફાય કરી લીધું.
- ક્વોલિફાય કર્યાની સાથે ભારત સુપર-૬ માં પહોંચ ગયું હતું.
- હાલમાં શ્રીલંકા ખાતે વિમેન્સ વર્લ્ડકપ ક્વોલિફાય ટૂર્નામેન્ટ યોજાઇ છે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં સુપ્રિમ કોર્ટમાં કેટલા જજની નિમણૂંક થઇ ?
- પાંચ

૨ નવા પાંચ જજોની નિમણૂંક સાથે સુપ્રિમ કોર્ટમાં કુલ કેટલા જજ થયા ?
- ૨૮

૩ સુપ્રિમ કોર્ટમાં મંજુર થયેલ ન્યાયમુર્તિની સંખ્યા કેટલી છે ?
- ૩૧

૪ હાલમાં વિમેન્સ વર્લ્ડકપ ક્વોલિફાયર ટૂર્નામેન્ટ ક્યાં યોજાઇ રહી છે ?
- શ્રીલંકા

૫ ભારતીય મહિલા ટીમે કોને હરાવી વિમેન્સ વર્લ્ડકપ માટે ક્વોલિફાય કર્યું ?
- બાંગ્લાદેશ

## 19.February. 2017

**(૧) સૈયદ મુસ્તાઅલી ઇન્ટર ઝોનલ ચેમ્પિયનશીપ :**

- સૈયદ મુસ્તાકઅલી ટી-૨૦ ઇન્ટરઝોનલ ચેમ્પિયનશીપમાં ઇસ્ટ ઝોન ચેમ્પિયન બન્યું
- મુંબઇના વાનખેડે સ્ટેડિયમ ખાતઢે યોજાયેલ ફાઇનલમાં ઇસ્ટ ઝોને વેસ્ટ ઝોનને પરાજય આપી ટાઇટલ જીત્યું.
- પ્રથમ વખત ઇન્ટર ઝોનલ ફોર્મેટમાં રમાયેલી આ ચેમ્પિયનશીપમાં ઈસ્ટ ઝોને પોતાના તમામ ચારેય મુકાબલા જીતી આ ટાઇટલ મેળવ્યું હતું
- ઇસ્ટ ઝોન કેપ્ટન : મનોજ તિવારી
- ઇસ્ટ ઝોન કોચ – રાજીવ કુમાર

- વર્ષ ૨૦૧૫ – ૧૬માં સૈયદ મુસ્તાઅલી ટી–૨૦ ચેમ્પિયનશીપ માં ઉત્તરપ્રદેશ ચેમ્પિયન બન્યું હતું.

**(૨) પીટર રિચર્ડસન – ઇંગલેન્ડ ક્રિકેટર :**

- ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ બેટ્સમેન પીટર રિચર્ડસનનું અવસાન.
- તેમણે ૧૯૫૬માં તેમની પદાર્પણ ટેસ્ટમેચ માંજ ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ બંને ઇનિંગમાં અર્ધી સદી ફટકારી હતી.
- ઇંગ્લેન્ડ માટે તેમણે ૩૪ ટેસ્ટમચેની ૫૬ ઇનિંગ્સમાં ૩૭.૪૭ ની એવરેજથી ૨૦૬૧ રન બનાવ્યા હતા.
- ૧૯૫૭માં તેમણે 'વિઝડન ક્રિકેટર્સ ઓફ ધ યર' ના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**(૩) સંદિપ કુમાર – એથ્લેટ :**

- તાજેતરમાં રાષ્ટ્રીય રેસ વોકિંગ ચેમ્પિયનશીપની મેન્સ ૫૦ કિમીની સ્પર્ધામાં હરિયાણાના સંદિપ કુમાર ગોલ્ડ મેડલ જીત્યો.
- આ સાથે તેણે લંડનમાં યોજનારી વર્લ્ડ ચેમ્પિયનશીપ માટે ક્વોલિફાઇ પણ કરી લીધું હતું.
- સંદીપે ત્રણ કલાક ૫૫ મિનિટ અને ૫૯.૦૫ સેકન્ડના સમય સાથે આ રેસ પુરી કરી તેનો જ અગાઉનો રેકોર્ડ તોડ્યો હતો.

**(૪) બેરન જ્વાળામુખી : ભારતનો એકમાત્ર સક્રીય જ્વાળામુખી**

- આંદામાન – નિકોબાર દ્વિપુ સમુહના બેરન ટાપુ પર ભારતનો એકમાત્ર સક્રિય જ્વાળામુખી આવેલો છે.
- આ ટાપુ ૧૬૫ વર્ષથી નિષ્ક્રિય છે.
- હાલમાં જ ગોવા સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓશનોગ્રાફીના સંશોધકોએ જ્વાળામુખીની સક્રીયતા અંગેનો અહેવાલ રજુ કર્યા
- આ જ્વાળામુખી છેલ્લે ૧૮૫૨માં સક્રીય થયો હતો.
- તેની સૌથી પહેલી સક્રીયતા ૧૭૮૭માં નોંધાઇ હતો.
- તેની સૌથી પહેલી સક્રિયતા ૧૭૮૭માં નોંધાઇ હતી. એ પછીથી એ જ્વાળામુખી પાંચ વખત સક્રીય થયો છે.

પ્રશ્નો

૧ પ્રથમ વખત સૈયદ મુસ્તાકઅલી ટી–૨૦ ટૂર્નામેન્ટ કયાં ફોર્મેટમાં રમાઇ ?
- ઇન્ટરઝોનલ

૨ સૈયદ મુસ્તાકઅલી ટી–૨૦ ટૂર્નામેન્ટ વિજેતા ?
- ઇસ્ટ ઝોન

૩ ઇસ્ટ ઝોને કોને હરાવી સૈયદ મુસ્તાકઅલી ટી–૨૦ ટુર્નામેન્ટમાં વિજેતા બન્યા ?
- વેસ્ટ ઝોન

૪ સૈયદ મુસ્તાકઅલી ટી–૨૦ ટૂર્નામેન્ટ – ૨૦૧૭ની ફાઇનલ મેચ કયાં યોજાઇ ?
- વાનખેડે સ્ટેડીયમ

૫ ઇસ્ટ ઝોન કેપ્ટન :
- મનોજ તિવારી

૬ ઇસ્ટ ઝોનના કોચ જણાવો
- રાજીવ કુમાર

૭ ૨૦૧૫– ૧૬માં સૈયદ મુસ્તા અલી ટી–૨૦ ટૂર્નામેન્ટ વિજેતા ટીમ ?
- ઉત્તર પ્રદેશ

૮ તાજેતરમાં ઇંગ્લેન્ડના કયા ભૂતપૂર્વ ખેલાડી (ક્રિકેટર) નું અવસાન થયું ?
- પીટર રિચર્ડસન

૯ કયા વર્ષમાં પીટર રિચર્ડસનને વિઝડન ક્રિકેટર ઓફ ધ યરના એવોર્ડથી સન્માનીત કરાયા ?
- ૧૯૫૭

૧૦ રાષ્ટીય રેસ વોકિંગ સ્પર્ધામા કોણે ગોલ્ડમેડલ જીત્યો ?
- સંદિપ કુમાર

૧૧ કેટલા કિમી માટે રાષ્ટ્રીય રેસ વોકિંગ ચેમ્પિયશીપ યોજાઇ ?
- ૫૦ કિ.મી.

૧૨ સંદીપ કુમાર કયાં રાજયના વતની છે ?
- હરિયાણા

૧૩ દેશનો એકમાત્ર સંદીપ જ્વાળામુખી કયાં આવેલો છે ?
- બેરન ટાપુ (આંદામાન – નિકોબાર)

૧૪ નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓશનોગ્રાફી કયા આવેલ છે ?
- ગોવા

## 20.February. 2017

**(૧) નાગાલેન્ડના નવા સી.એમ. નેફ્યુ રિયો :**

- ઉત્તર પૂર્વના રાજય નાગાલેન્ડમાં મુખ્યપ્રધાન ટી.આર. જેલિયાંગ વિરૂદ્ધ પક્ષના વિધાનસભ્યોએ બળવો કરતા જેલિયાંગે રાજીનામું આપ્યું.
- નગરપાલિકામાં મહિલાઓને ૩૩ ટકા અનામતના વિરોધમાં નાગા જૂથો અને સંગઠનોએ બળવો કર્યો હતો.
- હવે નાગાલેન્ડના એકમાત્ર સાંસદ નેક્યૂ રિયોને નવા મુખ્યપ્રધાન ચૂંટવામાં આવ્યા છે.
- રિયો ૨૦૦૩ થી ૨૦૧૪ દરમિયાન સતત ત્રણ મુદત માટે નાગાલેન્ડના મુખ્યપ્રધાન રહી ચૂક્યા છે.

**(૨) અલ્તમસ કબીર –પૂર્વ ચીફ જસ્ટિસ સુપ્રીમ કોર્ટ :**

- સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ અલ્તમસ કબીરનું ૬૮વર્ષની વયે અવસાન.
- તેઓ દેશના ૩૯માં ચીફ જસ્ટિસ હતા.
- ચીફ જસ્ટિસ તરીકે ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૨ થી ૧૮ જુલાઇ–૨૦૧૩ સુધી રહ્યા હતા.
- તેમનો જન્મ ૧૯ જુલાઇ, ૧૯૪૮ના રોજ કોલકત્તા પશ્ચિમ બંગાળમાં થયો હતો.
- તેઓ કલકત્તા હાઇકોર્ટના જજ તથા ઝારખંડ હાઇકોર્ટના ચીફ જસ્ટિસ રહી ચૂક્યા હતા.

**(૩) આઇએનએસ – તારિણી : નૌકાયન જહાજ**

- નૌકાયન જહાજ આઇએનએસ તારિણી પણજી ખાતેથી નેવીમા સામેલ થઇ.
- મહાદેઇ બાદ નેવીનું આ બીજું નૌકાયન જહાજ છે.
- મહિલા સશક્તિકરણ અને સમુદ્રમાં તેમની ગતિવિધીઓને પ્રોત્સાહન આપવા નેવીએ આઇએનએસ તારિણી માટે ૬ મહિલાઓની પસંદગી કરી છે.
- લેફ્ટિનેન્ટ કમાન્ડર વર્તિકા જોશી આ ટીમનું નેતૃત્વ કરશે.
- નેવીની આ મહિલા ટીમ ઓગસ્ટમાં પેહલીવાર આખી દુનિયાના ભ્રમણ અભિયાન માટે તારિણી પર નિકળશે.
- તે સમુદ્રમાં ૧૦ હજાર નોટિકલ માઇલ સફર કરશે.
- નેવી અધ્યક્ષ : એડમિરલ : સુનિલ લાંબા

**(૪) કતાર ઓપન : ટેનિસ :**

Vivekanand Academy Gandhinagar

- ચેક રિપબ્લીકનની પલીસકોવાએ કતાર ઓપન ટૂર્નામેન્ટ પોતાના નામે કર્યું.
- ફાઇનલમાં તેણે કેરોલિના વોઝિન આસ્કીને પરાજય આપ્યો હતો.
- આ સાથે પ્લસકોવાએ આ વર્ષનું બીજું ટાઇટલ જીત્યું. આ પહેલા તેણે જાન્યુઆરીમાં બ્રિસબેન ટાઇટલ જીત્યું હતું.

પ્રશ્નો :

૧ નાગાલેન્ડના નવા સી.એમ.નું નામ જણાવો.
- નક્યુ રિયો

(૨) તાજેતરમાં કયા સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશનું અવસાન થયું ?
- અલ્તમસ કબીર

૩ અલ્તમસ કબીર સુપ્રીમ કોર્ટના કેટલામાં મુખ્ય ન્યાયાધીશન હતા ?
- ૩૯માં

૪ અલ્તમસ કબીર કઇ હાઇકોર્ટના ચીફ જસ્ટીસ રહી ચૂક્યા હતા ?
- ઝારખંડ

૫ અલ્ત્મસ કબીરનો જન્મ કયાં થયો હતો ?
- કલકત્તા, પશ્ચિમ બંગાળ

૬ તાજેતરમાં દેશનું બીજું નૌકાયન જહાજ નેવીમાં સામેલ થયું તેનું નામ જણાવો.
- આઇએનએસ તારિણી

૭ આઇએનએસ તારિણી દ્વારા કેટલી મહિલાઓ વિશ્વ ભ્રમણ કરશે ?
- ૬

૮ આઇએનએસ તારિણીમાં ૬ મહિલાની ટીમનું નૃત્ય કોણ કરશે ?
- લેફ્ટિનેન્ટ કમાન્ડિર વર્તિકા જોશી

૯ હાલમાં નેવીના અધ્યક્ષ કોણ છે ?
- એડમિરલ સુનીલ લાંબા

૧૦ કતાર ઓપન ચેમ્પિયનશીપ વિજેતા ?
- પ્લીસકોવા, ચેક રિપબ્લીકન

૧૧ આ વર્ષમાં પ્લીસકોવાએ અગાઉ કયુ ટાઇટલ જીત્યું હતું ?
- બ્રિસબેન ઓપન

## 21.February. 2017

**(૧) વિશ્વ માતૃભાષા દિવસ**

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીના રોજ વિશ્વભારતી વિવિધ ભાષાઓને સન્માન આપવા માટે આ દિવસ ઉજવાય છે.
- હાલમાં યુએનની સત્તાવાર ભાષા ૬ છે.
  (૧) અરબી(૨) અંગ્રેજી (૩) રશિયન
  (૪) ચીની (૫) ફ્રેન્ચ (૬) સ્પેનિશ

**(૨) આઇપીએલ-૧૦ : હરાજી :**

- આગામી એપ્રિલથી યોજનાર આઇપીએલ ટી-૨૦ ક્રિકેટ લીગ માટે હરાજી થઇ
- આઠ ફ્રેન્ચાઇઝીઓના માલિકોએ ૩૫૧ પ્લેયર્સની હરાજીમાં ૬૬ પ્લેયર્સને ખરીદ્યા.
- રાઇઝીંગ પૂણે સુપરજાયન્ટ્સે ઇંગ્લેન્ડના ઓલરાઉન્ડર બેન સ્ટોક્સને ૧૪.૫૦ કરોડ રૂ.માં ખરીદ્યા.
- આ સાથે સ્ટોક્સ આઇપીએલના ઇતિહાસમાં સૌથી વધુ રકમ મેળવનારો વિદેશી ખેલાડી બની ગયો છે.
- જ્યારે સૌથી વધુ રકમ મેળવનાર ભારતીયમાં યુવરાજસિંહ છે. વર્ષ ૨૦૧૫માં દિલ્હી ડેરડેવિલ્યસે રૂા. ૧૬ કરોડમાં ખરીદ્યા હતા.
- આ વખતે અફઘાનિસ્તાનના ક્રિકેટરો પ્રથમ વખત આઇપીએલમાં રમશે.

**(૩) શાહિદ આફ્રિદી : પાકિસ્તાન ક્રિકેટર :**

- પાકિસ્તાનના ઓલરાઉન્ડ શાહિદ આફ્રિદીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તી જાહેર કરી.
- આ પહેલા તેણે ટેસ્ટ અને વનડેમાં નિવૃત્તિ જાહેર કરી હતી.
- બૂમ બૂમ આફ્રિદીના નામે મશહુર આફ્રિદીએ ૧૯૯૬માં શ્રીલંકા સામે વન ડે ચેમાં પદાર્પણ કર્યું હતું.
- કારકીર્દિની બીજુ જ વનડેમાં માત્ર ૩૭ બોલમાં સદી ફટકારી વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો.
- તેમજ ૧૯૯૮માં ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટમેચમાં પદાર્પણ કર્યું હતું.
- આ પહેલા આફ્રિદીએ વર્ષ ૨૦૧૧, ૨૦૧૪ અને ૨૦૧૬માં નિવૃતિ લીધી હતી. પરંતુ ત્રણેય વખતે નિવૃત્તી પાછી ખેંચી હતી.

પ્રશ્ન :

૧ વિશ્વ માતૃભાષા દિન ક્યારે મનાવાય છે ?
- ૨૧ ફેબ્રુઆરી

૨ હાલમાં યુએનમાં સત્તાવાર ભાષાઓ કેટલી છે ?
- ૬

૩ આઇપીએલ-૧૦ ની હરાજીમાં સૌથી મોંઘો ખેલાડી બેન સ્ટોક્સ કયાં દેશનો છે ?
- ઇંગ્લેન્ડ

૪ બેન સ્ટોક્સને કોણે ખરીદ્યા ?
- રાઇઝીંગ પૂણે સુપરજાયન્ટસ

૫ કયા દેશના ક્રિકેટરો આ વખતે પ્રથમ વાર આઇપીએલમાં રમશે ?
- અફઘાનિસ્તાન

૬ તાજેતરમાં કયા પાકિસ્તાની ક્રિકેટરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતી લીધી ?
- શાહીદ આફ્રિદી

૭ શાહીદી આફ્રિદીએ કયાં દેશ સામે ફાસ્ટેટ સદીનો રેકોર્ડ બનાવ્યો હતો ? (વનડે)
- શ્રીલંકા

૮ હાલમાં કયા પ્લેયરના નામે ફાસ્ટેટ વન ડે સદીનો રેકોર્ડ છે ?
- એ.બી ડિવિલિયર્સ, સાઉથ આફ્રિકા

## 22.February. 2017

**(૧) કસ્તુરબા ગાંધી નિર્વાણ દિન :**

- ગાંધીજીના ધર્મપત્ની કસ્તુરબાનું અવસાન ૧૯૪૪ની ૨૨મી ફેબ્રુઆરીના રોજ થયું હતું.

**(૨) નટરાજન ચંદ્રશેખરન :**

- તાતાગ્રુપના નવા ચેરમેન :
- ૨૧ ફેબ્રુઆરીના રોજ નટરાજન ચંદ્રશેખરને ૯૨ વર્ષ જૂના તાતા ગ્રૂપના હેડક્વાટર બોમ્બ હાઉસ ખાતે ચેરમેન તરીકે પોતાનો હોદ્દો સંભાળ્યો હતો.

**(૩) ICC મહિલા વર્લ્ડ કપ ક્વાલિફાયર :**

- તાજેતરમાં શ્રીલંકા ખાતે આઇસીસી મહિલા વર્લ્ડકપ ક્વોલિફાય ટૂર્નામેન્ટ યોજાઇ.
- આ ટૂર્નામેન્ટની ફાઇનલ મેચમાં ભારતીય મહિલા ટીમે આફ્રીકન મહિલા ટીમને પરાજય આપી ચેમ્પિયન બની હતી.

- ભારતીય મહિલા ટીમ ૨૪૫ રન ચેઝ કર્યા જે અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન છે.
- આ વર્ષે ઇંગ્લેન્ડ ખાતે આઇસીસી મહિલા ક્રિકેટર વર્લ્ડ કપ યોજાશે.
- ભારતીય મહિલા ક્રિકેટ ટીમ કેપ્ટન : મિતાલી રાજ

**(૪) દ્વારકામાં દેશનું પ્રથમ મરિન કમાન્ડો ટ્રેનિંગ સેન્ટર સ્થપાશે.**

- ભારત સરકારના ગૃહવિભાગે દ્વારકા નજીક દેશનું પ્રથમ મરીન કમાન્ડો ટ્રેનીંગ સેન્ટર સ્થાપવા મંજુરી આપી છે.
- અંદાજે ૨૦૦ એકર જમીન ઉપર તાલીમ કેન્દ્ર આગામી સમયમાં સ્થાપવામાં આવશે.
- દ્વારકાનો વિસ્તાર દરિયાઇ સરહદી વિસ્તાર ગણાય છે.
- દ્વારકા, ઓખાનો સમુદ્ર સીધો પાકિસ્તાન દરિયાઈ સીમા સાથે જોડાયેલ હોય અને સમગ્ર કચ્છ વિસ્તારની દરિયાઇ સીમા પાકિસ્તાન સાથે જોડાયેલી હોઇ જેથી મરીન કમાન્ડો ટ્રેનીંગ સેન્ટર આ વીસ્તારમાં જ બનાવવાની ભારત સરકારની યોજના છે.

**(૫) ગુજરાત સામાન્ય બજેટ :**

- નાણાંમંત્રી નીતિનભાઈ પટેલે ગુજરાતનું વર્ષ ૨૦૧૭-૧૮નું સામાન્ય બજેટ રજુ કર્યું
- બજેટની કુલ રકમ : ૧,૭૨,૧૭૯,૨૪ કરોડ રૂા. બજેટની મહત્વની જાહેરાત :

**શિક્ષણ :**

- સરકારે શિક્ષણક્ષેત્રે કુલ ૨૫૦૦૦ કરોડ રકમની જોગવાઇથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના માટે રૂા. ૧૧૦૦ કરોડની જોગવાઈ.
- સહાયક અનુદાન મેળવતી શાળાઓમાં ધો. ૯ થી ૧૨ની ૭.૪૪ લાખ વિદ્યાર્થીઓને મુક્ત શિક્ષણ અપાશે.
- સર્વ શિક્ષા અભિયાત અંતર્ગત પ્રાથમિક શાળાના ૬૫૦૦ નવા ઓરડાઓ બંધાશે.
- ૧૨૦૦ સ્કૂલમાં 'સ્માર્ટ ક્લાસ' શરૂ કરાશે.
- સરકારી અને સાહસીક અનુદાસ મંગાવતી ૧૦૦૦ શાળઓને જિમ્નેશિયમની સગવડો પુરી પડાશે.
- ચાર પ્રાદેશિક મોબાઈલ વિજ્ઞાન પ્રયોગશાળા શરૂ કરાશે.
- ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે અને સુરત જિલ્લાના આદિવાસી વિસ્તારમાં એમ કુલ બે સૈનિક શાળા શરૂ કરાશે.
- ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે અને સુરત જિલ્લાન આદિવાસી વિસ્તારમં એમ કુલ બે સૈનિક શાળા શરૂ કરાશે.
- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોનના મોરેટોરિયમ સમયનું વ્યાજ સરકાર ભોગવશે.
- ઓનલાઇન પરીક્ષાનું આયોજન ૩૭ કોલેજોમાં ડિજિટલ એજ્યુકેશન લર્નિંગ (DEL) લેબ ઉભી કરાશે.
- ધો.૧૨ પાસ ૩.૫૦ લાખ વિદ્યાર્થીઓને રૂા. ૧૦૦૦ના ટોકનથી ટેબલેટ અપાશે.
- આઇઆઇટીના ૨ લાખ તાલીમાર્થીઓને સ્ટાઇપેન્ડ, બસપાસ સહિતની ફેસીલીટીથી લઇને તેમની નોકરી માટે ભરતી મેળાઓ કરવા રૂા. ૮૬૬ કરોડની જોગવાઇ.
- ધો. ૯ થી ૧૨ની ગ્રાન્ટેબલ સ્કૂલમાં અભ્યાસરત વિદ્યાર્થીઓને મફત શિક્ષણ.
- યુપીએસસી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષામાં હવેથી રૂા. ૧.૦૧ લાખથી લઇને રૂા. ૧.૨૧ લાખ સુધીની સહાય

**આરોપ :**

- ૯ નવી બ્લડ બેંક બનાવવામાં આવશે.
- કેન્સર, કીડની અને એપથોલોજી ઇન્સ્ટિટ્યુટ માટે રૂા. ૮૦ કરોડની જોગવાઈ
- તમામ સરકારી વેટરનરી દવાખાનાઓમાં મફત દવા
- પશુઓ માટે ખાસ ૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ
- ૪ નવી મોબાઈલ લેબોરેટરલી શરૂ થશે.
- ૧૦૮ ઇમરજન્સી સેવા માટે ૭૦ નવી એમ્બ્યુલન્સ
- હવેથી મા – વાત્સાલ્ય યોજનામાં રૂા. ૧.૫ લાખની આવક ધરાવનાર સારવાર મેળવવાને પાત્ર
- જુની વ્યવસ્થા પ્રમાણે ૧.૨ લાખથી આવક ધરાવનારાઓને જ મા-વાત્સલ્ય યોજનાનો લાભ મળતો હતો.

**મહિલા અને બાળકો :**

- માતૃત્વ અને બાળ સંભાળ માટે રૂા. ૧૧૯.૧૫ કરોડની જોગવાઇ.
- મહિલાઓની સામાજિક સુરક્ષા માટે ૧.૫ લાખ વિધવા સહાય
- ૨૭૦ નવી મહિલા અદાલતો બનશે.
- એસ.સી.એસ.ટી પરિવારની દિકરીઓ માટે ચાલતી કુંવરબાઇનું મામેરૂ યોજના તમામ જ્ઞાતીઓ માટે વિસ્તારાશે તથા ૧૨ હજારની સહાય થશે.
- અગાઉ કુંવરબાઇનું મામેરૂ યોજનામાં રૂા. ૧૦ હજારની સહાય આપવામાં આવતી હતી.
- આંગણવાડી કાર્યકર બહેનોના પગારમાં ૧૫ ટકાનો વધારો કરવામાં આવ્યો.

**ખેડૂત :**

- સિમાંત ખેડૂતોને અપાતી ૫૦ ટકા સબસીડી ને બદલે હવે ૭૦ ટકા અપાશે.
- રાષ્ટ્રીય કૃષિ યોજના માટે રૂા. ૩૬૫ કરોડ
- ટ્રેક્ટરની ખરીદી માટે રૂા. ૨૪૦૦ ની સહાય
- ૧૪ લાખ ખેડૂતોનજે મળશે ૧ ટકાના રાહત દરે લોન
- ખેડૂતોને વિજદરમાં રાહત આપવા ૪૦૧૧ કરોડ રૂા. ની જોગવાઇ
- ખેતર ફરતે ૯૧૫ વાડ બનાવવાની યોજના માટે રૂા. ૨૦૦ કરોડ
- નવા ખેતી વીજ જોડાણ માટે ૨ હજાર કરોડની જોગવાઇ
- નવી ઓર્ગેનિક એગ્રિકલ્ચર યુનિવર્સિટી માટે રૂા. ૮૨ કરોડ

**ઇન્ફ્રાસ્ટ્રકચર :**

- રાજકોટ આલ્ફ્રેડ હાઇસ્કુલમાં ગાંધીજીના જીવન – કવન ને લગતું મ્યુઝીયમ બનાવવામાં આવશે. જેના માટે રૂા. ૧૦ કરોડ ખર્ચાશે.
- ૪૫ હજાર નવા આવાસ બનશે.
- સડક યોજના માટે રૂા. ૫૦૦ કરોડ
- સ્વચ્છતા મિશન માટે રૂા. ૨૫૫ કોરડ
- સ્માર્ટ સીટી મિશન માટે ૫૯૭ કરોડ
- વોટર સપ્લાય માટે રૂા. ૧૭૧૦ કરોડ
- ઘોઘો ફેરી સર્વિસ ૨૦૧૭માં પૂર્ણ થશે.
- ૨૮ ડેપોના નીવીનીકરણ માટે રૂા. ૧૫૦ કરોડ
- શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ બાંધકામ શ્રમિકોને માત્ર રૂા. ૧૦ માં ભોજન આપવામાં આવશે.
- પોલીસ કર્મચારીઓના રહેણાંક મકાનો બાંધવા રૂા. ૧૨૦ કરોડની જોગવાઇ
- ૩૦ નવા સ્માર્ટ પોલીસ સ્ટેશન બનશે.
- ગોધરા, આણંદ અને બોટાદમાં નવી જેલના બાંધકામ માટે રૂા. ૪ કરોડ
- અન્ય મહત્વની જાહેરાત :

Vivekanand Academy Gandhinagar

- ૧૦૦૦ ટ્રાફિક પોલીસની નિમણુંક થશે.
- માન્ય પત્રકારોનું અકસ્માત વીમા કવચ રૂ. ૨૫૦ હજારથી વધીને રૂ. ૫ લાખ થયું
- વર્ષ ૨૦૨૨ સુધીમાં ગુજરાતને વાહકજન્ય રોગો નાબુદ બનાવાશે. જે માટે રૂ. ૧૦૨ કરોડની જોગવાઈ કરાઇ છે.
- મલેરિયા વિસ્તારોમાં ૧૬ નવી સરકારી કોલેજો બંધાશે.
- મહિલાઓના વિકાસ માટે ૬૫૩ જેટલી નવી યોજના શરૂ કરવામાં આવશે.

## 23.February. 2017

**(૧) ISO ની સ્થાપના :**

- ૨૩ ફેબ્રુઆરી ૧૯૪૭ના રોજ ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશનલ ફોર સ્ટાન્ડર્ડાઝેશનની સ્થાપના થઇ હતી.
- સંસ્થા, કંપનીઓ અને ઉત્પાદકોને માપદંડમાં સાંકળનાર આઇએસઓનું હેડક્વાટર જીનીવા, સ્વિત્ઝર્લેન્ડ ખાતે આવેલું છે.
- આ સંગઠન એ એનજીઓના રૂપમાં કાર્ય કરે છે.
- અત્યાર સુધીમાં આ સંગઠન ૨૧૦૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ પ્રકાશિત કરી ચૂક્યું છે.
- પ્રથમ આઇએસઓ માપદંડનું પ્રકાશન ૧૯૫૧માં થયું હતું એ માપદંડ ઔદ્યોગિક ક્ષેત્રમાં લંબાઇના માપના સંબંધિત હતું
- ટેકનિકના વિકાસની સાથે આવનાર ફેરફારને કારણે દર ૫ વર્ષે માપદંડોની સમીક્ષા કરવામાં આવે છે.

**(૨) ૨૦૧૬-૧૭માં ભારતનો જીડીપી ૬.૬ ટકા રહેશે - આઇએમએફ**

- ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઇએમએફ) એ પોતાના વાર્ષિક અહેવાલમાં ૨૦૧૬ -૧૭માં ભારતનો જીડીપી ૬.૬ ટકા રહેવાનો અંદાજ આવ્યો હતો.
- તથા ૨૦૧૭-૧૮માં ૭.૨ ટકા જીડપી રહેવાનો અંદાજ આપ્યો છે.
- વર્ષ ૨૦૧૫-૧૬માં ભારતનો જીડીપી ૭.૬ ટકા રહ્યો હતો.

**(૩) એરો ઇન્ડિયા : ૨૦૧૭ :**

- એશિયાનો સૌથી મોટો એર શો.
- ૧૪ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન આ એર શો થેલહંકા વાયુદળ સ્ટેશન બેંગલુરૂ ખાતે યોજાયો.
- વાયુદના યુદ્ધ બેડામાં સામેલ થવા જઇ રહેલ રાફેલ વિમાન આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. તથા સૂર્યકિરણ ટીમે પણ અલગ અલગ- કરતબો બતાવ્યા હતા.

પ્રશ્ન :

૧ આઇએસઓનું પુરૂ નામ જણાવો.
- ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર સ્ટાન્ડર્ડાઇઝેશન

૨ આઇએસઓ ની સ્થાપના ક્યારે થઇ ?
- ૨૩ ફેબ્રુઆરી ૧૯૪૭

૩ આઇએસઓ નું હેડક્વાટર કયાં આવેલું છે ?
- જિનીવા, સ્વિત્ઝર્લેન્ડ

૪ આઇએમએફનાં અંદાજ મુજબ વર્ષ ૨૦૧૬-૧૭માં ભારતનો જીડીપી કેટલો રહેશે ?
- ૬.૬ ટકા

૫ એરો ઇન્ડિયા ૨૦૧૭ એર શો કમાં યોજાયો ?
- બેંગલુરૂ, કર્ણાટક

૬ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારતનો જીડીપણી કેટલો રહ્યો હતો ?
- ૭.૬ ટકા

## 24.February. 2017

**(૧) નાસાએ પૃથ્વી જેવા સાત ગ્રહો ધરાવતું નવું સૌરમંડળ શોધ્યું :**

- નાસાના કેપ્લર ટેલિસ્કોપે પૃથ્વીથી ૪૦ પ્રકાશવર્ષ દૂર એક નવી સૂર્યમાળા શોધી કાઢી છે.
- આ સૂર્યમાળામાં એક સૂર્ય જેવા તારાની આસપાસ પૃથ્વી જેવા જ સાત ગ્રહો પરિભ્રમણ કરી રહ્યા છે.
- નાસાના વિજ્ઞાનીઓએ આ ગ્રહોને ટ્રેપિસ્ટ -૧ ગ્રહમાળા નામ આપ્યું છે.
- ટ્રેપિસ્ટ આખી સિસ્ટમનું નામ છે, વિજ્ઞાનીઓએ તેના નામનો વિસ્ત્ર 'ધ ટ્રાન્ઝટિંગ પ્લાનેટ્સ એન્ડ પ્લાનેટિસિમલ સ્મોલ ટેલિસ્કોપ એવો કર્યો છે.
- તારાની ફરતે ભ્રમણ કરતાં સાત ગ્રહો પૈકી ૩ ગ્રહો તો હેબિટેબલ ઝોન કહેવાતા વિસ્તારમાં છે.
- કોઇ તારા ફરતે ઘૂમતા ગ્રહો બહુ દૂર નહી અને બહુ નજીક પણ ન હોય તેને હેબિટેબલ ઝોન કહેવાય છે.
- એવા ઝોન જ્યાં તાપમાન બહુ વધારે ન હોય બહુ ઓછૂં ન હોય
- પ્રકાશની ઝડપે પ્રવાસ કરીએ તો પણ ત્યાં સુધી પહોંચતા ૪૦ વર્ષ થયા.

**(૨) 'ડોરીસ' વાવાઝોડું :**

- તાજેતરમાં ઇંગ્લેન્ડમાં ૧૫૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ડોરીસ વાવાઝોડું ત્રાટક્યું

પ્રશ્ન :

૧ તાજેતરમાં નાસાએ પૃથ્વી જેવા સાત ગ્રહો ધરાવતું નવું સૌરમંડળ શોધ્યું તેનું નામ જણાવો.
- ટ્રેપિસ્ટ – ૧

(૨) ટ્રેપિસ્ટ નું પુરૂનામ જણાવો.
- ધ ટ્રાન્ઝિસ્ટિંગ પ્લાનેટ્સ એન્ડ પ્લાનેટેસિમલ સ્મોલ ટેલિસ્કોમ

(૩) કોઇ તારા ફરતે ઘૂમતા ગ્રહો બહુ દુર નહી અને બહુ નજીક નહી તેવી સ્થિતિને શું કહેવાય છે ?
- હેબિટેબલ ઝોન

(૪) ટ્રેપિસ્ટ-૧ પૃથ્વીથી કેટલું દુર છે ?
- ૪૦ પ્રકાશ વર્ષ

(૫) તાજેતરમાં ઇંગ્લેન્ડમાં કયું વાવાઝોડું આવ્યું ?
- ડોરીસ

## 25.February. 2017

**૧) વડાપ્રધાને શિવપ્રતિમાનું અનાવરણ કર્યું :**

- મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમિલનાડુના કોઇમ્બતુર શહેરમાં આવેલ ઇશા યોગ કેન્દ્ર' માં ભગવાન શિવની પ્રતિમાનું અનાવરણ કર્યું.
- ભગવાન શિવની આ પ્રતિમા ૧૧૨ ફિટ ઉંચી છે.

**(૨) પૂજા ઘાટકર : શૂટર :**

- ભારતની શૂટર પુજા ઘાટકરે શુટીંગ વર્લ્ડકપમાં બ્રોન્ઝમેડલ જીત્યો.
- દિલ્હી ખાતે યોજાયેલ ૧૦ મીટર એર રાઇફલ ઇવેન્ટમાં પુજાએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- પુજા ઘાટકરનો શૂટીંગ વર્લ્ડકપમાં આ પહેલો મેડલ હતો.

**(૩) ઇઝરાયલ સાથે મિસાઇલ સોદાને ભારતની મંજુરી :**

- ઇઝરાયલ સાથે સંયુક્તપણે મીડિયગમ રેન્જ સરફેસ ટુ એર મિસાઇલ વિકસાવવા ભારત સરકારી સમજૂતી કરાર કર્યા.
- ૧૭૦૦૦ કરોડના આ પ્રોજેક્ટમાં ડીઆરડીઓ અને ઇઝરાયલ એરક્રાફ્ટ ઇન્ડસ્ટ્રીઝ સંયુક્તપણે હાથ ધરશે.
- ૨૦૧૭ના વર્ષમાં ભારત અને ઇઝરાયલ વચ્ચે થયેલ ડિપ્લોમેટીક જોડાણને ૨૫ વર્ષ પૂર્ણ થશે.

Vivekanand Academy Gandhinagar

- ઇઝરાયલ પ્રમુખ : રેવેન રિવ્લિન

**(૪) દેશની ૫૬ પોસ્ટ ઓફિસમાં પાસપોર્ટ કેન્દ્ર શરૂ થશે ?**

- વિદેશ મંત્રાલય અને ટપાલ વિભાગ દ્વારા ૨૪ જાન્યુઆરીના રોજ પોસ્ટ ઓફિસમાંથી જ પાસપોર્ટ કાઢવાના પાયલોટ પ્રોજેક્ટની શરૂઆત કરાઇ હતી.
- આ પાયલોટ પ્રોજેક્ટ ગુજરાતના દાહોદ અને કર્ણાટકના મૈસુર ખાતે શરૂ કરવામાં આવ્યો હતો.
- પાયલોટ પ્રોજેક્ટમાં સફળતા મળ્યા બાદ વિદેશ મંત્રાલય દેશની ૫૬ પોસ્ટ ઓફિસમાં પાસપોર્ટ સુવિધા કેન્દ્ર શરૂ કરવા નિર્ણય કર્યા છે.
- ગુજરાતના ભુજ, પાલનપુર, દીવ, દમણ, સેલવાસની પોસ્ટ ઓફિસમાં પાસપોર્ટ સુવિધા કેન્દ્ર શરૂ થશે.

પ્રશ્ન :

૧ તાજેતરમાં ભારત સરકારે મીડિયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઇલ વિકસાવવા કયાં દેશ સાથે કરાર કર્યા ?
- ઇઝરાયલ

૨ ઇઝરાયલ પ્રમુખનું નામ જણાવો ?
- રૌવેન રિવલિન

૩ ભારત સરકારે ઇઝરાયલ સાથે કરેલ મિસાઇલ કરાર પ્રોજેક્ટનો અંદાજીત ખર્ચ ?
- ૧૭૦૦૦ કરોડ રૂ.

૪ તાજેતરમાં વડાપ્રધાને કઈ જગ્યાએ શિવજી પ્રતિમાનું અનાવર કર્યું ?
- ઇશા યોગ કેન્દ્ર , કોઇમ્બતુર (તમિલનાડુ)

૫ વડાપ્રધાને અનાવરણ કરેલ શિવજી પ્રતિમાની ઉંચાઇ કેટલી છે ?
- ૧૧૨ ફુટ

૬ પુજા ઘાટકર કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- શૂટીંગ

૭ હાલમાં દિલ્હી ખાતે યોજાયેલ શૂંટીગ વર્લ્ડકપ ૧૦ મીટર એર પીસ્ટલમાં પૂજા ઘાટકરે કયો મેડલ જીત્યો ?
- બ્રોન્ઝ મેડલ

૮ આગામી સમયમાં દેશની કેટલી પોસ્ટ ઓફીસમાં પસાપોર્ટ સુવિધા કેન્દ્ર શરૂ થશે ?
- ૫૬

૯ ગુજરાતના કયા શહેરમાં પોસ્ટ ઓફિસમાં પાસપોર્ટ સુવિધા ઉપલબ્ધ થશે ?
- પાલનપુર, ભૂજ, દિવ, દમણ, સેલવાસ

## 26.February. 2017

**૧) શિલ્પા શેટ્ટી : અભિનેત્રી :**

- ભારત સરકાર દ્વારા અભિનેત્રી શિલ્પા શેટ્ટીને મિશન સ્વચ્છ ભારત અભિયાનની બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં અવી.
- અગાઉ વડાપ્રધાનના સ્વચ્છ ભારત અભિયાન સાથે અમિતાભ બચ્ચન, કપિલ શર્મા, સલમાન ખાન, સોનાક્ષીસ સિંહા, શંકર મહાદેવન અને સચીન તેંડુલકર પહેલાથી જોડાયેલા છે.

**(૨) ઉપરાષ્ટ્રપતિ હામિદ અંસારી આફ્રિકી દેશના પ્રવાસે :**

- હાલમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ હામીદ અંસારી આફ્રિકી દેશ રવાન્ડા અને યુગાન્ડાના પાંચ દિવસ પ્રવાસે ગયા.
- રવાન્ડાની બે દિવસીય મુલાકાતમાં ઉપરાષ્ટ્રપતિએ રવાન્ડાના અધ્યક્ષ મુકાઝુ બર્નાર્ડ ને ભારતના બંધારણની નકલ ભેટ આપી હતી ભારતના અને રવાન્ડા વચ્ચે ઇનોવેશન, એવીએશન તથા વિઝા મુદ્દે ત્રણ કરાર થયા.
- રવાન્ડાના પ્રમુખે ગયા મહિનામાં વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ભાગ લીધો હતો.
- બે દિવસીય મુલાકાત દરમિયાન રવાન્ડા એર ૩ જી એપ્રીલથી સપ્તાહમાં ચાર વખત ભારત સુધીની સીધી ફલાઇટ શરૂ કરવાની જાહેરાત કરી હતી.
- રવાન્ડા રાજધાની : કીગાલી
- રવાન્ડા થી ઉપરાષ્ટ્રપતિ ત્રણ દિવસીય પ્રવાસે યુગાન્ડા ગયા હતા.
- યુગાન્ડા રાજધાની : કંપાલા
- યુગાન્ડા પ્રમુખ : યોવેરી મુસેવેની
- યુગાન્ડામાં નાઇલ નદીના ઉદ્ગમ સ્થાન જિન્જા ખાતે ગાંધીજીના પ્રતિમા સ્થાનની મુલાકાત લીધી.
- રાષ્ટ્રપતિ ભારત અને આફ્રિકા વચ્ચેની સૌથી મોટી કડી હોવાનું માનતા ૧૯૪૮માં મહાત્મા ગાંધીના અસ્થિનું અહી વિસર્જન પણ થયું હતું.
- ભારત સરકારે આ સ્થાને ગાંધીજીની પ્રતિમા મુકી હતી.
- ૧૯૯૭માં વડાપ્રધાન આઇ.કે. ગુજરાલે પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.
- આ પ્રતિમાની તક્તી નીચે લખ્યું છે.
  ‘વિશ્વભરના શાંતિ અને અહિંસાના પથપ્રદર્શકના અસ્થિનું ૧૯૪૮ માં નાઇલ નદીમાં વિસર્જન થયું હતું.

પ્રશ્ન :

૧ ફેબ્રુઆરી ૨૦૧૭માં કેન્દ્ર સરકારે કોને સ્વચ્છ ભરાત અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા ?
- શિલ્પા શેટ્ટી

(૨) ફેબ્રુઆરી ૨૦૧૭માં ઉપરાષ્ટ્રપતિ હામિદ અંસારી કયાં બે આફ્રિકી દેશની મુલાકાતે ગયા ?
- રવાન્ડા અને યુગાન્ડા

૩ ભારત રવાન્ડા વચ્ચે કુલ કેટલા કરાર થયા ?
- ૩

૪ રવાન્ડાની રાજધાની જણાવો.
- કિગાલી

૫ યુગાન્ડાની રાજધાની જણાવો.
- કંપાલા

૬ યુગાન્ડાના પ્રમુખનું નામ જણાવો.
- યોવેર મુસેવની

૭ નાઇલ નદીનું ઉદ્ગમ સ્થાન જણાવો.
- જિન્જા

૮ કયા વડાપ્રધાનશ્રીના કાર્યકાળ દરમિયાન નાઇલ નદીના ઉદ્ગમ સ્થાન જિન્જા ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ થયું હતું ?
- આઇ.કે. ગુજરાલ – ૧૯૯૭

## 27.February. 2017

**(૧) હરિકા દ્રોણાવલી – ચેસ :**

- ભારતીય ગ્રાન્ડ માસ્ટર હરિકા દ્રાણાવલીએ વર્લ્ડ વિમેન્સ ચેસ ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ જીત્યા.
- સેમીફાઇનલમાં ચીનની તાન ઝોન્ગયી સામે તેનો પરાજય થયો હતો.
- ઇરાનના તહેરાનમાં આ ચેમ્પિયનશીપ યોજાઇ રહી છે.
- ૨૦૧૨, ૨૦૧૫ બાદ હરિકા દ્રોણાવલીનો વર્લ્ડ વિમેન્સ ચેમ્પિયનશીપમાં આ ત્રીજો બ્રોન્ઝ મેડલ છે.

**(૨) દુબઇ ઓપન ચેમ્પિયનશીપ – ટેનિસ :**

Vivekanand Academy Gandhinagar

- યુક્રેઇનની મહિલા ટેનિસ ખેલાડી એલિનચા સ્થિતોલિનાએ ડબલ્યુટીએ દુબઇ ઓપનમાં મહિલા સિંગલ્સમાં ટાઇટલ પોતાના નામે કર્યુ.
- ફાઇનલમાં તેણે ડેનમાર્કની કેરોલિના વોઝનિયાકીને પરાજય આપ્યો હતો.
- આ સાથે સ્વિતોલિનાએ કારકિર્દીની છઠ્ઠી અને આ વર્ષની બીજી ટ્રોફી જીતી હતી.
- આ પહેલા સ્વિનોલિનાએ તાઇપેઇ ઓપનનું ટાઇટલ જીત્યું હતું.

**(૩) હોકી ઇન્ડિયા લીગ :**

- તાજેતરમાં હોકી ઇન્ડિયા લીગની પાંચમી સીઝન યોજાઇ
- વિજેતા : કલિંગા લાન્ઝર્સ
- રનર્સ અપ : દબંગ મુંબઈ
- ફાઇનલ મેચ : ચંડીગઢ હોકી સ્ટેડીયમ ખાતે યોજાઇ.

પ્રશ્નો :

૧ ભારતની હરિકા દ્રોણાવલી કઈ રમત સાથે સંકળાયેલ છે ?
- ચેસ

૨ તાજેતરમાં યોજાયેલ વર્લ્ડ વિમેન્સ ચેસ ચેમ્પિયનશીપમાં હરિકાએ કયો મેડલ જીત્યો ?– બ્રોન્જ મેડલ

૩ વર્લ્ડ વિમેન્સ ચેસ ચેમ્પિયનશીપ કયા યોજાઇ ?
- તહેરાન ઇરાન

૪ દુબઇ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ મહીલા સિંગ્લ્સ વિજેતા ?
- એલિના સ્વિતોલિના, યુક્રેઇન

૫ ચાલુ વર્ષે એલિનાએ અગાઉ કયું ટાઇટલ જીત્યું હતું ?
- તાઇપેઇ ઓપન

૬ હોકી ઇન્ડિયા લીગની પાંચમી સિઝનની વિજેતા ટીમ ?
- કલિંગા બાન્સર્સ

૭ હોકી ઇન્ડિયા લીગ પાંચમી સિઝનની ફાઇનલ મેચ ક્યાં યોજાઇ હતી ? – ચંડીગઢ હોકી સ્ટેડીયમ

## 28.February. 2017

**(૧) રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ :**

- દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ મનાવાય છે.
- આ દિવસે મહાન ભારતીય વિજ્ઞાની ડૉ. સી.વી. રામને પ્રકાશ કિરણો માટે રામન ઇફેક્ટ તરીકે ઓળખાતું સંશોધન સાબિત કર્યુ હતું.
- નોબેલ પ્રાઇઝ મેળવનારા ડૉ. રામન છેલ્લા ભારતીય વિજ્ઞાની છે

(૨) ઓસ્કાર એવોર્ડ્ઝ સમારોહ :

- તાજેતરમાં લોસ એન્જલસ ખાતે ૮૯મો ઓસ્કાર એવોર્ડ સમારોહ યોજાયો
- ભારતીય અભિનેત્રી પ્રીયંકા ચોપરા આ સમારોહમાં હાજર રહ્યા હતા
- આ સમારોહમાં વિશેષ પર્ફોમન્સ દ્વારા ભારતના અભિનેતા ઓમ પુરીને શ્રદ્ધાંજલી આપવામાં અવી હતી.
- ફોરેન કેટેગરી તરીકે જાણીતા એવોર્ડમાં ભારતે તમિલ ભાષામાં બનેલી ‘વિસારાનાઇ’ ફિલ્મ મોકલાવી હતી.
- મૂનલાઇટ’ ફિલ્મમાં ડ્રગ ડિલરનું પાત્ર ભજવવા બદલ મહેરશલા અલીને ઓસ્કાર એવોર્ડ મળ્યો હતો.
- અલી ઓસ્કાર મેળવનાર પ્રથમ મુસ્લીમ બની ગયો છે.
- તથા ફેમિલી ડ્રામા ‘ફેન્સિસ’ માટે ઓસ્કાર મેળવતી વાયોલા ડેવિસ ઓસ્કાર એવોર્ડ જીતનાર પ્રથમ બ્લેક વુમન છે.

ઓસ્કાર સમારોહમાં એનાયત થયેલ એવોર્ડ

| કેટેગરી (બેસ્ટ) | વિનર |
|---|---|
| બેસ્ટ ફિલ્મ | મૂનલાઇટ |
| બેસ્ટ ડિરેક્ટર | ડેમિયન શેઝલ (લા લા લેન્ડ) |
| બેસ્ટ એક્ટર | કેસી એફલેક (માન્ચેસ્ટર બાય ધ સી) |
| બેસ્ટ એક્ટ્રેસ | એમ્મા સ્ટોન (લા લા લેન્ડ) |

- સૌથી વધુ ૬ એવોર્ડ ‘લા લા લેન્ડ મુવીને મળ્યા હતા.

(૩) એમી સેટર્થવેટ –ન્યુઝિલેન્ડ મહિલા ક્રિકેટર :

- ન્યૂઝિલેન્ડની મહિલા ક્રિકેટર એમી સેટર્થવેટે ઓસ્ટ્રેલિયા સામેની વન ડે મેચમાં સદી ફટકારી ઇતિહાસ રચ્યો.
- સેટર્થવેટની આ સતત ચોથી સદી હતી
- આ પહેલા તેણે પાકિસ્તાન સામે સતત ત્રણ મેચમાં સદી ફટકારી હતી.
- આમ સળંગ ચાર સદી ફટકાટનાર સેટર્થવેટ પ્રથમ મહિલા ખેલાડી બની ગઈ છે.
- જ્યારે પુરૂષ ખેલાડીમાં આ રેકોર્ડ કુમાર સાંગાકારાના નામે છે.
- સાંગાકારાએ વર્લ્ડકપ – ૨૦૧૫માં બાંગ્લાદેશ ઇંગ્લેન્ડ ઓસ્ટ્રેલિયા અને સ્કોટલેન્ડ સામે સળંગ ચાર સદી ફટકારી હતી.

**(૪) ઇન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટસ ફેડરેશન વર્લ્ડ કપ :**

- તાજેતરમાં નવી દિલ્હી ખાતે આઇએસએસએફ વર્લ્ડ કપ ૧૦ મીટર એર પીસ્ટલ ચેમ્પિયનશીપ યોજાઇ.
- આ ચેમ્પિયનશીપની મીક્સ ડબલ્સમાં ભારતની હિનાસિંધુ અને જીતુ રાયએ ગોલ્ડ મેડલ જીત્યો
- ફાઇનલમાં આ જોડીએ જાપાનના યુકારી કોનિશી અને તોમોયુકી માત સુદાની જોડીને પરાજય આપ્યો હતો.
- આ ઉપરાંત ભારતના અંડર મિત્તલે મેક્સ ડબલ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

પ્રશ્ન :

૧ તાજેતરમાં આઇએસએસએફ વર્લ્ડ કપ કેટલા મીટર એર પીસ્ટલ માટે યોજાયો ?
- ૧૦ મીટર

૨ આઇ એસએસએફ શુટીંગ વર્લ્ડ કપ (૧૦ મીટર) માં કઇ ભારતીય જોડીએ મીકસ ડબલ્ડમાં ગોલ્ડ મેડલ જીત્યો ?
- જીતુરાય અને હિના સિંધુ

૩ કયા મહાનુભાવની યાદમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ મનાવાય છે ?
- ડૉ. સિ.વિ.રામન

૪ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ક્યારે મનાવાય છે ?
- ૨૮ ફેબ્રુઆરી

૫ વન ડેમાં સળંગ ચાર સદી ફટકારનાર મહિલા ક્રિકેટર ?
- એમી સેટર્થવેટ, ન્યૂઝીલેન્ડ

૬ વન ડે માં સળંગ ચાર સદી ફટકારનાર પુરૂષ ક્રિકેટર ?
- કુમાર સાંગાકાર, શ્રીલંકા

૭ તાજેતરમાં કેટલામો ઓસ્કાર એવોર્ડ સમારોહ યોજાયો ?
- ૮૯ મો

૮ કઈ ભારતીય અભિનેત્રી ૮૯માં ઓસ્કાર એવોર્ડ સમારોહમાં હાજર રહી હતી ? – પ્રિયંકા ચોપરા

૯ ભારતના કયા અભિનેતાને ૮૯માં ઓસ્કાર સમારોહમાં શ્રદ્ધાંજલી અપાઇ હતી ?– ઓમપુરી

૧૦ ફોરેન કેટેગરી માટે ભારતે કઇ ફિલ્મ મોકલી હતી ?
- વિસારાનાઇ

૧૧ ૮૯માં ઓસ્કાર સમારોહમાં સૌથી વધુ એવોર્ડ્ઝ કઇ ફિલ્મને મળ્યા હતા ? – લા લા લેન્ડ ૭ એવોર્ડ

Vivekanand Academy Gandhinagar